# મુક્તિ પ્રભા

~ માસિક ~

તંત્રીઓ:- પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી
શ્રી. ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીયા

વર્ષ ૨ જું
અંક ૧૯

પ્રેરક:-મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી

સંવત ૨૦૧૭
વૈશાખ



મેં વળી તને કયારે કહ્યું હતું કે આંસુ આપીશ નહિ! મેં તો આટલું જ કહ્યું હતું કે દંભના, ક્રોધનાં કે શોકનાં અપવિત્ર આંસુ આપીશ નહિ. આપે તો પ્રેમનાં, પશ્ચાતાપનાં કે સહાનુભૂતિનાં આંસુ આપજે......

★

ઓ મારા ભાગ્ય! મેં વળી તને કયારે કહ્યું હતું કે તું મને દરિદ્ર બનાવીશ નહિ? હું તો તને ફરી આજ પણ કહું છું કે દરિદ્ર બનાવજે...અતિ દરિદ્ર બનાવજે; પણ મારું કહેવું તો એટલું જ છે કે મને ધર્મવિહોણો અને દીન બનાવીશ નહિ......

—ચિત્રભાનુ

# સોનેરી તક–

"બુદ્ધિપ્રભા" સપ્રેમ ભેટ ધરે છે આકર્ષક, દર્શનીય એવું સચિત્ર ભેટ પુસ્તક

આ પુસ્તકની વધુ નકલો અમે કઢાવી છે. હવે પછીથી જે **પાંચ વરસના** ગ્રાહક બનશે તેને આ ભેટ પુસ્તક મોકલવામાં આવશે.

પુસ્તકનો સંગ્રહ પૂરો થઇ જાય તે પહેલાં આપ પાંચ વરસના ગ્રાહક બની આ ભેટ પુસ્તકનો સત્વરે લાભ ઊઠાવો.

---

"બુદ્ધિપ્રભા"ની ઓફિસના **તમામ કામ** માટે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો :—


## બુદ્ધિપ્રભા કાર્યાલય

C/o શ્રી. જસવંતલાલ ગીરધરલાલ શાહ

૩૦૯/૪, ખત્રીની વાડી, દોશીવાડાની પોળ,

અ મ દા વા દ.


---

## .....આ અંકનો રસથાળ.....


| | |
|---|---|
| (૧) ચિંતન કણિકાઓ... ... ... | મૃદુલ |
| (૨) પાયા ડગમગે છે... ... ... [ તંત્રીલેખ ] | છબીલદાસ પંડિત / ભદ્રીક કાપડીયા |
| (૩) ગંગાના ઓવારેથી... ... | શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી |
| (૪) ગાતા ફુલ... ... ... ... | ગુણવંત શાહ |
| (૫) રાંકનું રતન... ... ... ... | ઉષા જોષી |
| (૬) ચીનગારી... ... ... ... | જૈની |
| (૭) શાસન સમાચાર... ... ... | |
| (૮) નામાવલી... ... ... ... | |




## ચિંતન કણિકા.....

હું એના ગભારામાં રોજ બેસું છું. આજના જેટલો હસતો ને આનંદી મેં એને ક્યારેય નથી જોયો. મેં એને પૂછ્યું : ' પ્રભો ! એ તો ક્યારેય તારા દર્શને નથી આવ્યો અને હંમેશાં તારા અસ્તિત્વની ઉપેક્ષા કરી છે અને આજે આવાં તને હાથ જોડી, બે આંસુ સારી ગયો એમાં તું આટલો બધો શાને હરખાય છે ? રોજના પૂજારીની પૂજાથી તો મેં તને ક્યારેય ધીમો પણ મલકાતો નથી જોયો અને આજ નાસ્તિક ને પાપીની પૂજાથી તું મરકી ઊઠયો છે ? દેવતા ! મારા, એનું કારણ મને ના કહે ? '

એ બોલ્યો : પૂજારીની આંગળીઓ તો મારી પૂજા કરવા ટેવાઇ ગઇ છે. મને જોઇને જ એ મારા અંગો પર ચંદન ચોપડી દે છે. એ જરા ય થોભાતી નથી. કશું વિચારતી નથી. બસ, ટેવ પડી ગઈ છે ને પૂજારી રોજ આવીને મારી પુજા કરી જાય છે.

જ્યારે એ આવ્યો ત્યારે એનું હૈયું થરથરતું હતું, હાથ કંપતા હતા, પાપના પસ્તાવાથી એની આંખ ભીની હતી. એની પ્રાર્થનામાં કંપ હતો. એના શબ્દોમાં પાપનો ડર હતો એ ક્ષમા માંગતો હતો. એ હૈયું લઇને આવ્યો હતો. પસ્તાતી, દયાર્દ્ર આંખોથી એ મને જોઇ રહ્યો હતો.

બસ, આ જ કારણથી મારું હૈયું ખૂશ છે. '

ઘડીઆળના કાંટે થતી પ્રભુ પુજા એ તો ટેવ છે. ખરી પુજા તો આ છે. બળતા જિગરનું મૌન રાખો. પાપના પસ્તાવાથી આંખોને રડવા દો. દુષ્કર્મ કરતાં અંતરને ધ્રૂજવા દો. ભગવાન તો માગે છે : ભાવના. થરથરતા હૈયાની પ્રાર્થનાની એ તો રાહ જૂવે છે....

પ્રભો ! તારી કૃપાથી મારી પાસે બધું જ છે. તું માગવાનું કહે છે ત્યારે માગી લઉં છું-બસ તું મારો બની જા. જીવનમાં હવે એક તારી જ ખોટ છે....

' અહીં ધર્મશાળા છે. ' હું અંદર ગયો. મેં જોયું ત્યાં ધર્મ નહોતો. શાળા ય નહતી..

તારે સીતાને પરણવું છે ને રામ નથી બનવું, તો ભાઈ ! તારી એ મુરાદ રહેવા દે. કારણ સીતા રામને જ મળે, રાવણને નહિ......

આકાશમાં પલટાતી વાદળીના રંગ જોઇ રહ્યો હતો. ઘડી વિષાદના હાસ્ય જે...

ઘડી નિરાશાની ઘોર કાલીમા જેવી, ઘડી સુવાર્નાની ચંચળતા જેવી, ને ઘડી ચિંતાથી ચીમળાયેલી, ઘરડી ને બોખલી એવી એની રંગબાજી જોઇ રહ્યો હતો.

મને થયું : જીવન પણ શું એ વાદળીની નાની આવૃત્તિ નથી શું ?......

મોહની કબરનું નામ છે મુક્તિ......

હું મારા જીવનના દુઃખોથી થાક્યો હતો. મેં કહ્યું :

"આતમ મારા ! મને આ દુઃખોથી ઉગારી ન લે ? "

"હા, ઉગારી લઉં. પણ એક શરત પર. તારી જિંદગી મને આધીન કરી દે. હું કહું તે જ કરવાનું કબૂલ કર. હું મંજુર થઇ ગયો. મેં કહ્યું : "બોલ ! શું હુકમ છે ? "

" રાગનો ત્યાગ કર..."

" પણ એ કેમ બને ? પ્રેમ એ તો મારો શ્વાસ છે. "

" તો એ શ્વાસથી સબડયા કર. રાગના ત્યાગ વિના તારાં દુઃખ દૂર નહિ થાય." અને એ ગુસ્સે થઇ ચાલ્યો ગયો.

★

સંસ્કારી કહેવડાવું,–તેવા દેખાવું અને સંસ્કારી બનવું એ ત્રણે ય વચ્ચે ગમે તે ખાવું–સ્વાદીષ્ટ ખાવું અને પૌષ્ટીક ખાવું તેના જેટલો તફાવત છે.

★

ઓહ ! શાંતિ માટે સંસાર આખો ખૂંદી વળ્યો. જિંદગી અર્ધી ખર્ચી નાંખી. અને એ મળી ત્યારે તો એ મારા અંતરના ઓરડામાં જ બેઠી હતી ! !

ગ્રહ, ઉપગ્રહ ને પૂર્વગ્રહ–હું તો છેલ્લાથી ડરું છું કારણ આજ સુધી મારા આત્માને એ જ નડયો છે.

★

સત્ય એ ગુલાબ છે. સદાય કાંટામાં જ ઉગે છે.

★

ધારૂં તો હું દુનિયાનું વેર વાળી શકું છું. કારણ મેં અણુશકિત શોધી છે, પણ ના, મને વેરનો વિજય નહિ; પ્રેમનો પરાજય ગમે છે.

★

હા, અમે બન્ને બીકણ છીએ. પણ અમારી બીક વચ્ચે એક મોટો તફાવત છે. એ પાપથી પકડાતાં ડરે છે. અને હું પાપથી ડરૂં છું. આથી જ તો અમારી લડાઇનો અંત નથી આવતો.

★

" અતિથિ દેવો ભવ " હોય તો મૃત્યુ જેવો મહાન દેવ મેં બીજો કોઈ જોયો નથી કારણ મેં એને ગમે તે તિથિએ આવતો જોયો છે.

★

અંતર્યામી ! તારી આરતી માટેના કોડીયામાં હવે તેલ ખૂટી ગયું છે. માત્ર વાટ જ બળે છે. અને તે ય બુઝું બુઝું થઇ રહી છે. આથી મારૂં જીવન બાળીને હું તારી આરતી ઉતારૂં તો જીવનધન ! મારા એ સ્વીકારીશ ને ?

મૃદુલ.

# પાયા ડગમગે છે....

[ તંત્રીલેખ ]

માનવીએ આજ શ્રદ્ધા ગુમાવી છે. ઇશ્વરમાંથી એનો વિશ્વાસ ઊઠી ગયો છે. કર્મમાંથી એની આસ્થા ડગમગી ઊઠી છે. અરે ! હવે ખુદ એને પોતાનામાંજ યકીન નથી રહ્યું. અને આ માટે એની પાસે કારણો છે– સબળ કારણો છે. જિંદગીની વાસ્તવિકતા એની સામે પડી છે. અને આજ એ ધર્મ–કર્મ–ભગવાનની બાબતમાં અશ્રદ્ધાળુ બન્યો છે.

માનવીની બુધ્ધિએ એટલો બધો વિકાસ સાધ્યો છે કે ધર્મની વાતો પર, કર્મની ફીલસુફી પર એને શંકા જાય છે. અને બીજુ આજના માનવી જેટલી જિંદગીની નગ્નતા કોઇ યુગમાં નહતી.

આજના માનવીની સામે અનેક સમસ્યાઓ છે. એને એના ઘરની સમસ્યા છે તેના કુટુંબની સમસ્યા છે. સમાજના વ્યવહારો એની સામે ડાચુ ફાડીને બેઠા છે. અરે ! એને એની પોતાની ખુદ સમસ્યાઓ છે. આજનો માનવી, ભૂખ ને હાડમારી, ગરીબાઇ ને બેકારી, ગુલામી અને દમન, સરકાર અને સમાજની નિર્દયભરી નજર, કૌટુંબિક કલેશ અને ઝઘડા, આંતર્વૃત્તિઓનો ઉકળાટ વગેરેનો જેટલો સામનો કરે છે તેટલો સામનો ભ. મહાવીર તેમજ રાજા કુમારપાળ મહારાજાના જમાનાનો માનવી પણ નહોતો કરતો.

ત્યારનો સમાજ સુખી ને સમૃદ્ધ હતો. દરેકને રહેવા ઘર, પહેરવાના કપડાં, ખાવાને પૂરતું ધાન, નિર્દોષ આનંદ માટેના સાધનો, વિકાસ માટેની સરખી તકો હતી. જીવન એટલું સરળ ને સહુ, નિશ્ચિંત ને નિરામય હતું કે દરેકને ફુરસદ મળતી હતી. અને વધુ તો ત્યારે સમાજ દરેકની ચિંતા કરતો હતો. સમાજનો એકાદ સભ્ય દુઃખી ને નિર્બળ હોય તો તેની સંભાળ લેવાતી હતી. આજના જેટલી અવહેલના તે સમયના સમાજના સભાસદને નહતી. સમાજનું શાસન ને તેના સાધનો માત્ર મુઠીભર માનવોના હાથમાં જ નહતાં. કોઇને પહેરવાં કપડાં ન મળે તો કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મ ઝીણાને મુલાયમ કપડાં છોડી જાડાંખરબચડાં કપડાં પહેરતા હતા. અને ત્યારે કુમારપાળની આંખો રડતી હતી. સમાજનો અદનો સભ્ય પણ પ્રાથમિક જરૂરિયાતથી વંચિત ન રહે તેવી વ્યવસ્થા હતી. પૂ. શ્રમણ ભગવંતો પણ ત્યારે સમાજની કોઇ વ્યક્તિ ભૂખી, બેઘર ને નગ્ન ન રહે તેની સાચી ચિંતા કરતા હતા અને સમાજને જરૂર પડે પડકારતા પણ હતા.

એક બાજુ આપણા પૂર્વજોનું ઉજળું ચિત્ર છે અને બીજી બાજુ અત્યારના સમાજનું દેખાતું ને કહેવાતું ઉજળું જુદું ચિત્ર છે. આપણા સમાજના પાંચ–પચ્ચીસ ઘરમાં બે ટંક ખવાતું હોય, તે ઘરોના ભાઇબેનો ને બાળકો સફાઇબંધ કપડાં પહેરીને ફરતાં હોય એથી કંઇ આખો સમાજ સુખી ને સમૃદ્ધ છે તેવું માની લેવું ને કહેવડાવું એ તો નરી બાલીશતા જ છે. આપણા સમાજમાં એવા કંઇક ઘરો છે જે એક ટંકનું ભોજન માંડ પામે છે. તેમના બાળકો મહામહેનતે શરીર પર ચીંથરા વીંટે છે, ભણવાની ઉંમરવાળા કંઇક બાળો મહેનત કરવા જાય છે, ગરીબાઇથી પીસાતી કંઇક કુમળી કન્યાઓ પૈસાને પરણે છે. શ્રાવક સમાજનું આ કરૂણ ચિત્ર છે તો શ્રમણ સંસ્થાનું પણ તેવું જ દારૂણ દૃશ્ય છે. કંઇક વૃદ્ધ શ્રમણો ઉપાશ્રયમાં એકલા સેવા વિના, સંભાળ વિના બાકીનું આયુષ્ય પૂરું કરે છે. અંદર અંદરના મતભેદને લીધે કંઇક વેશ ફગાવીને ચાલ્યા જાય છે. અને માંહોમાંહેના ઝઘડાના કારણે એટલી કડવાશ વધે છે કે ગુરૂ ને શિષ્ય સામસામી દીશામાં ફંટાઇ જાય છે.

આવી ભંયાર દશામાં જીવતો માનવી એના

સમાજમાંથી, એના ધર્મમાંથી શ્રદ્ધા ગુમાવે નહિ તો કરેય શું ? અને જ્યારે પેટ સળગે છે ત્યારે માનવી ભગવાનને નહિ રોટલાને યાદ કરે છે. બીજુ ધર્મ ને સંસ્કાર એ પરાણે શકાતાં નથી. એ માનવીના અંતરમાંથી પ્રગટે છે એ બહારના કોઈ દબાણથી લાવી શકાતા નથી.

આજે ધર્મના પ્રચાર માટે ના હોય ત્યાં દેરાસરો ઊભા થાય છે; હોય છે ત્યાં પણ નવાં બીજા બંધાય છે. નાના ગામોમાં, મોટા શહેરોની પોળોમાં ઉપાશ્રયો ઊભા થાય છે. શાંતિસ્નાત્રો, ઉજમણાં, રચના, નવકારશી, પ્રભાવના, જ્ઞાનમંદિરો, સામાયિકો, પુસ્તકો, પ્રદર્શનો, પ્રચાર સભાઓ, નાટક ને કાર્યક્રમો વગેરે થાય છે. આ થાય છે એ બંધ કરવાનું અમે સૂચન નથી જ કરતા એની ટીકા પણ અમારે કરવી નથી. એ જરૂરી છે. આવકારદાયક છે.

પણ ક્યારે ? એ સવાલનો જવાબ અમે તો શોધીએ છીએ. દેરાસરો ઊભા થાય એનો કોઈને વિરોધ ન હોઈ શકે. પણ જ્યારે દેરાસર દેરાસર ન રહે ને પગારદાર નોકર આવીને ભગવાનની જેમ તેમ પૂજા કરી જાય ત્યારે તો દરેક એ સામે બોલશે. ઉપાશ્રયો ગલીએ ગલીએ બંધાય ને દરેક પોળમાં શ્રમણ ભગવંતોનો પવિત્ર વાસ રહે એ સૌ ઇચ્છે. પરંતુ એ ઉપાશ્રયો જ્યારે ઝઘડાના ઘર બની જાય ત્યારે એ ઉપાશ્રયો માટે કોઈનેય બોલતા બંધ નહિ કરી શકાય. શાંતિસ્નાત્રો, ઉજમણાં, પ્રદર્શન, સંસ્કાર કાર્યક્રમો પણ જ્યારે એનો સાચો હેતુ વિસરીને બીજી જ છાપ પાડતાં થતાં હોય તો કોઈની ટીકાને પણ ખોટી નહિ કહી શકાય. અને જ્ઞાન મંદિરોના પુસ્તકો ને ગ્રંથો જો દરેકને સરળતાથી મળી ન શકતા હોય અને માત્ર શોભાના કબાટોમાં જ એ જ્ઞાનમંદિરો ઊભા રહેશે તો કોઈપણ એ સામે વિરોધના સૂર કાઢશે જ.

દરેક જણ ઇચ્છે છે આપણો સમાજ તંદુરસ્ત બને. સુખી ને સમૃદ્ધ બને. સંસ્કારી ને ચારિત્ર્યશીલ બને. સમાજનું ભાવિ ઉજળું હોય તેમ સૌ કોઈ વિચારે છે. પણ ભાવિના વિચાર માત્રથી "આજ" નહિ બદલાય. તેમજ ભૂતકાળના ગુણો ગાવાથી, એની પ્રશંસા કરવાથી અને વારંવાર એને જ આગળ ધરીને– "અમારો ધર્મ આવો હતો. અમારો સમાજ આવો હતો" તેમ કહેવાથી પણ "આજ" નહિજ સુધરે.

અમને તો લાગે છે કે આજે જે સમાજના ઉદ્ધાર માટે ધર્મના પ્રચાર માટે જે પ્રયત્નો થઈ રહ્યા છે તે પાયાને ભૂલી મહેલના બહારી શણગાર જેવા થઈ રહ્યા છે. આપણું એવા શરીરને અપટુડેટ ને સફાઈબંધ કપડાં પહેરાવી રહ્યાં છીએ કે જે શરીર અંદરથી સડેલું ને રોગથી ઘેરાયેલું છે.

આજના સમાજનું સડેલું ને બિમાર ચિત્ર અમે આ લેખમાં આગળ આપી ચૂક્યા છીએ. આપણે જો સમાજને આદર્શ ને શીલવાન બનાવવો હશે તો એ સડાને પહેલાં દૂર કરવો પડશે. એ બિમારીને વહેલામાં વહેલી તકે મીટાવવી પડશે.

આજ પહેલી જરૂર છે સમાજના દરેક સભ્યને બે ટંક પૌષ્ટીક ખોરાક પૂરો પાડવાની, તે દરેકના શરીરને પૂરતાં કપડાંથી ઢાંકવાની તેમને રહેવા માટે નાનુ ઘર આપવાની, ભણેલા ને કામકાજ કરી શકતા યુવાનોની જિંદગી સ્થિર કરવાની, બાળકોને પૂરતી કેળવણી આપવાની, ગરીબાઈને કારણે પૈસાને પરણતી કન્યાઓને બચાવવાની, વૃદ્ધો ને અપંગોની સંભાળ રાખવાની, અશક્ત ને નિર્બળ શ્રમણ ભગવંતોની સેવા કરવાની, વિખવાદો ને ઝઘડા ઠુનાવવાની.

ટૂંકમાં આપણા સમાજના– ભૂખ, ગરીબાઈ, બેકારી, અજ્ઞાનતા જડતા, આંધળીયાપણું વગેરે મીટાવવાની જરૂર આજ સૌથી વધારે છે.

અને ભલે આપણે આંખ આડા કાન કરીએ પણ એ હકીકત છે આ ભૂતાવળથી આપણા ધર્મ ને સમાજને ઘણો ફટકો પડ્યો છે. જો આપણે વ્યક્તિને ધર્મ પ્રત્યે વાળવી હશે, એનામાં સાચા ને ઊંડા જૈનત્વના સંસ્કાર રેડવા હશે તો એ વ્યક્તિના ભૌતિક જીવનને પણ પહેલાં સંભાળવું પડશે અને વ્યક્તિ સુખી હશે તો ધર્મ તેને રૂચવાનો જ છે.

(અધુરા માટે જુઓ પાન ૫)



# ગંગાના ઓવારેથી

લેખક—
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

(અત્યાર સુધી અમે શ્રીમદ્જીના અવતરણો દરેક અંકે આપતા આવ્યા છીએ. તેઓશ્રીની સાહિત્ય સાધના એ ગંગાના નીર જેવી છે. હિમાલયથી નીકળી દુર દુર સુધી એ વહે છે. આથી ઉપરના શિર્ષક હેઠળ દરેક અંકે તેમના વિવિધ સર્જનોના નીર અમે અહીં છલકાવશું. ગંગાના નીર પવિત્ર, મીઠા ને તાઝગીભર્યા હોય એ કહેવાની જરૂર ખરી ? વાંચકો આ શિર્ષકને વધાવશે જ એ આશા છે. —તંત્રીઓ)

અનાદિકાળથી દુનિયામાં જૈન ધર્મ અને જૈનો છે. જૈનો પરમ આસ્તિક છે. આત્મા, જડ પુણ્ય, પાપ, બંધ, મોક્ષ, પરલોક, પુનર્જન્મ જે માને છે તે અસ્તિક છે. લોકમાન્ય તિલકે વડોદરા જૈન કોન્ફરન્સમાં જાહેર કર્યું હતું કે જૈન ધર્મ છે તે વેદ જેટલો પ્રાચીન ધર્મ છે. જર્મનનો પ્રખ્યાત વિદ્વાન હર્મન જેકોબી વગેરે યુરોપીય વિદ્વાનો હવે જાહેર કરે છે કે જૈન ધર્મ છે તે બૌદ્ધ ધર્મથી અલગ અને પ્રાચીન ધર્મ છે. અને તે વેદ ધર્મ સમાન કાલીન પ્રાચીન ધર્મ છે. જ્યારથી જગત છે ત્યારથી જૈન ધર્મ છે. બૌદ્ધ ધર્મનાં શાસ્ત્રો અને જૈન ધર્મના શાસ્ત્રોના જ્ઞાતાઓ હવે એવી અવાજે પોકારે છે કે જૈન ધર્મ છે તે બૌધ્ધ ધર્મની શાખા નથી. સ્વામી દયાનંદ સરસ્વતીજીએ સ્વરચિત સત્યાર્થ પ્રકાશના બારમા ઉલ્લાસમાં બૌધ્ધ ધર્મ અને જૈન ધર્મ એક છે અને બૌધ્ધ ધર્મની જૈન ધર્મ શાખા

---

(પાન ૪નું અધુરૂં)

સુખેથી એને રોટલો મળશે તો એ ખોટા ધંધા કરવા નહિ પ્રેરાય.

આપણી સામે જ એનો પ્રત્યક્ષ પુરાવો છે ખ્રિસ્તી ધર્મનો આટલો બધો ફેલાવો થયો છે ને થઈ રહ્યો છે તેના મૂળમાં આ જ પડ્યું છે. પહેલાં એ વ્યક્તિની બહારની જિંદગીને સ્થિર કરે છે ને પછી એના અંતરમાં એ ધર્મના સંસ્કાર રેડે છે. અને તેમ કરીને અર્ધી દુનિયાને તેમણે ખ્રિસ્તી બનાવી છે.

આપણે જો આપણા ધર્મના મૂળ ઊંડા નાંખવા હશે. ધર્મનો વિશ્વવ્યાપી પ્રચાર કરવો હશે, મ. મહાવીરનો સંદેશ જગતના ખૂણે ખૂણે પહોંચતો કરવો હશે તો કંઇ નક્કર કાર્ય કરવું પડશે. અને તેય બધાએ સાથે મળીને એક હરોળમાં જ કરવું પડશે. અટારી એકલીને શણગારે નહિ ચાલે. એના પાયાને ખૂબ ખૂબ મજબૂત કરવો પડશે. અને જેનો પાયો મજબૂત છે એ ઇમારતને પડી જવાનો ડર નથી.

અંતમાં અમે વિનંતી કરીએ છીએ કે અમારા આ લેખને ધાર્મિક વિધિ વિધાનોની ટીકા ન સમજે. આ લેખ પાછળ એક જ હેતુ છે જેના માટે આપણે બધી પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ ચલાવીએ છીએ તે વ્યક્તિનું મૂળથી પાયામાંથી ઘડતર કરીએ, સમાજના દરેક અદના સભ્યની— પછી તે શ્રમણ હોય કે શ્રાવક હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય દરેકની— પ્રેમથી સંભાળ લઇએ. અને જીવનની બહારની સમસ્યાથી તેને નચિંત કરી સાચા ધર્મને તેને પમાડીએ...

છે એવું જે કહ્યું છે તે ફક્ત મિથ્યા ભ્રાંતિ છે અને સ્વધર્મ પક્ષપાત બુદ્ધિથી કહ્યું છે. અને હવે તેમની એ ભૂલને ઐતિહાસિક તત્ત્વવિદોએ ભાંગી નાંખી છે. જૈન ધર્મ તે આર્ય ધર્મ છે. લોકમાન્ય તિલક કથે છે કે હિંદુઓ કે જેઓ એક વખત પશુ હોમ-યજ્ઞ કરતા હતા તેઓની પશુ યજ્ઞની માન્યતા હઠાવનાર જૈન ધર્મ છે. હાલનો જે હિંદુ ધર્મ છે તેમાં જે દયાના અહિંસાદિ વિચારો છે તે જૈન ધર્મના છે. જૈન ધર્મે વૈદિક હિંદુઓને પોતાની અસરમાં લીધા છે, ઉપનિષદો અને પુરાણો ઉપર પણ જૈન ધર્મની અસર થઇ છે. બ્રાહ્મણ ધર્મનું રક્ષણ કરનારા દક્ષ કલાવિદ બ્રાહ્મણોએ જે કાળે જેની ન્યૂનતા જણાઇ અને જૈનાદિ ધર્મની જે શ્રેષ્ઠતા જણાઇ તેને પોતાની કરી શાસ્ત્રોમાં રચી ભેળવી દીધી તેથી બ્રાહ્મણોએ પોતાની મહત્તા જાળવી. બ્રાહ્મણો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવના જ્ઞાતા હતા. તેથી અન્યોના ધર્મતત્ત્વોની માન્યતાઓ પોતાની કરી દઇને પોતાના પ્રભુના નામે ચઢાવી પોતાના હિંદુ ધર્મની મહત્તા જાળવી કારણ કે તેઓ પોતાનું ગુરૂપદ જાળવવાની બુદ્ધિરૂપ ગળગુથીના અનુભવી છે. હિંદુ ધર્મ તરીકે દુનિયામાં ત્રણ ધર્મ પ્રસિદ્ધ છે. જૈન હિંદુ ધર્મ, વેદ પૌરાણિક હિંદુ ધર્મ અને બૌધ્ધ હિંદુ ધર્મ. આ ત્રણે ધર્મો હિંદમાં-આર્ય દેશમાં પ્રગટેલા છે. માટે એ ત્રણેને હિંદુ ધર્મ-કહેવામાં આવે છે મહાભારત ગ્રન્થમાં જૈન ધર્મની માન્યતા આવે છે તેથી મહાભારતના કાલમાં વૈદિક ધર્મ જેટલો જૈન ધર્મ પણ પ્રાચીન મનાતો હતો. ભાગવત પુરાણમાં ઋષભદેવનું ચરિત્ર આવે છે. જૈનો ઋષભદેવને પ્રથમ તીર્થંકર આદિનાથ માને છે. બ્રાહ્મણો માને છે. વૈષ્ણવો ચોવીસ અવતાર માને છે. તેમાં ઋષભદેવને ઇશ્વરાવતાર માનેલા હોવાથી જૈન ધર્મ ઘણો પ્રાચીન સિધ્ધ થાય છે.

વેદધર્મ જેમ વેદશાસ્ત્રોથી જ પ્રાચીન સિધ્ધ થાય છે તેમ જૈન ધર્મ પણ જૈન શાસ્ત્રોથી પ્રાચીન સિધ્ધ થાય છે ઉપનિષદોની કેટલીક એવી શ્રુતિઓ છે કે જે જૈન ધર્મના સિધ્ધાંતોને સિધ્ધ કરે છે. કાશીના મહાપંડિત મહોપાધ્યાય રામમિશ્રજીએ જૈન ધર્મ સબંધી લખતાં જણાવ્યું છે કે વેદધર્મ જેટલો જૈન ધર્મ પ્રાચીન છે.

અમો જૈનો જૈન શાસ્ત્રોના આધારે એમ માનીએ છીએ કે આ અવસર્પિણી આરામાં શ્રી ઋષભદેવ ભગવાને જૈન ધર્મની સ્થાપના કરી પશ્ચાત તેમના પુત્ર ભરતે આર્ય વેદોનો પ્રકાશ કર્યો. પશ્ચાત તે વેદોમાં બ્રાહ્મણોએ પ્રક્ષેપ ભાગ વધાર્યો. પ્રભુ મહાવીર દેવ જનમ્યા તે વખતે ઋગ્વેદ યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચાર વેદ કાયમ હતા. મહાભારત હતું અને ભાગવત પણ હતું.

વેદોના કેટલાક વિભાગોમાં જૈન તીર્થંકરોના નામો આવે છે. (ઋગ્વેદમાં જૈન તીર્થંકરોની સ્તુતિ: **ॐ त्रैलोक्य प्रतिष्ठितानां चतुर्विंशति तीर्थंकराणां ऋषभादिवर्धमानान्तानां सिद्धानां शरणं प्रपद्ये।** યજુર્વેદમાં **ॐ नमो अर्हतो ऋषयो।**) તેથી પણ જૈનધર્મની પ્રાચીનતા સિધ્ધ થાય છે. હાલના ચાર વેદો છે તેઓની બધી મળી એક હજાર ઉપશાખાઓ હતી અને દરેક શાખાના ભાગો મંતવ્યો જુદા જુદા હતા. કેટલીક શાખાઓના મંત્રોમાં જૈન તીર્થંકરોનાં નામો હતાં. વૈષ્ણવોના ચોવીસ અવતારો પૈકી પંદરમા અવતાર પછીનાં નામો વેદોના સાહિત્યમાં આવે છે તેથી પણ એમ સિધ્ધ થાય છે કે પૂર્વના જે પંદર અવતારો છે તે પૈકી પ્રથમ ઋષભાવતારમાં જૈન ધર્મ હયાત હતો. આ બાબતને એક દિગંબર પંડિત પોતાના ઇંગ્લીશ પુસ્તકમાં સિધ્ધ કરી બતાવે છે. પૂર્વે આર્ય જૈનોના અને બ્રાહ્મણોના વેદો એકજ હતા પણ પાછળથી વેદોની માન્યતામાં ભેદ થયો એમ જૈન કલ્પસૂત્ર કે જે ઘણું પ્રાચીન છે તેમાં લખ્યું છે તેથી પણ સિધ્ધ થાય છે કે આર્ય ચાર વેદો કે જેમાં ગૃહસ્થ જૈનોના ધર્મકર્મનું મુખ્યતયાએ વર્ણન હતું તેના ઉત્પાદક ભરત રાજા યાને ભરત ઋષિ હતા તેથી પણ જૈન ધર્મના પ્રાચીનતા સિધ્ધ થાય છે

જૈન શાસ્ત્રોમાં મહાવીરપ્રભુનો એક ઐતિહાસીક ભાગ છે તે સંબંધી અમોએ મહાવીર પ્રબંધ નામનું પુસ્તક લખ્યું છે તેમાં જૈનોના ચોરાશી ગચ્છોનું

વર્ણન છે તે ગચ્છ પૈકી એક આગમ ગચ્છ હતો, એક નિગમ ગચ્છ હતો. આગમ ગચ્છ અને નિગમ ગચ્છના મુખ્ય ભેદો સંબંધી અમોએ **ગચ્છમત પ્રબન્ધ** અને **ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ** એ બે પુસ્તકમાં વિવેચન કર્યું છે. આગમ ગચ્છવાળા આગમોની જ માન્યતા મુખ્યતાએ સ્વીકારે છે. નિગમ ગચ્છવાળા જૈન વેદો આગમોની માન્યતાઓ સ્વીકારે છે. નિગમ ગચ્છની હયાતી વિક્રમના ચૌદમા સૈકા સુધી તો લગભગ હતી એમ "મન્હ જિણાણં" સજઝાયની ઉપદેશ કલ્પવલ્લિ નામની ટીકાથી સિધ્ધ થાય છે. ઉપદેશ કલ્પવલ્લિમાં લખ્યું છે કે તીર્થંકરના વખતમાં દ્વાદશાંગી અર્થાત આગમો પ્રગટે છે, અને ગૃહસ્થાચારવાળા નિગમો અર્થાત વેદો તો શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતથી ચાલ્યા આવે છે. અને જૈનો બન્નેને માને છે. ત્યારે તેમની ઉન્નતિ થાય છે. નિગમ ગચ્છ ઉપરથી ઐતિહાસિક બાબતમાં અજવાળું પડે છે કે પહેલાં જૈનો વેદો માનતા હતા અને તે વેદોમાં જૈન ધર્મના આચારો હતા અને આગમોમાં તત્વજ્ઞાન તથા ત્યાગીઓના આચાર વિચારની મુખ્યતયા વર્ણવેલી હોય છે. આ ઉપરથી પણ સિધ્ધ થાય છે કે જૈન ધર્મ ઘણો પ્રાચીનકાળથી ચાલતો આવતો ધર્મ છે.

વેદમાં **स भ्रुवस्पतिर्वः पुनातु अरिष्टिनेमिर्वः पुनातु** ઇત્યાદિ ખાસ દરરોજ ભણાતા મંત્રો છે. જૈનોના બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિ છે. જુઓ ભક્તામરતમાં શ્રી અરિષ્ટનેમિની સ્તુતિ- યદુ-વંશ સમુન્દ્રેન્દુ...રિષ્ટનાશનઃ ॥ આમાં બાવીસમા તીર્થંકરની સ્તુતિમાં તેમનું અરિષ્ટનેમિ નામ પ્રસિધ્ધ છે. શ્રી નેમિનાથ ભગવાનને થયાં હજારો વર્ષ થઇ ગયાં છે તેથી તેવા પ્રસિધ્ધ 'તીર્થંકરનું' નામ વેદ મંત્ર ભાગમાં ઋષિએ પ્રકાશેલું છે તેથી પણ જૈન ધર્મની પ્રાચીનતા સિધ્ધ થાય છે.

અરિષ્ટનેમિનો આવો રૂઢ અર્થ બાવીસમા તીર્થંકરનો ત્યાગ કરીને અન્ય વિદ્વાનો તેનો યૌગિક અર્થ સિધ્ધ કરવા માંડે તો પછી વિદ્વાનો વેદની શ્રુતિઓના ઘણો અર્થ જુદા જુદા કરે તેથી સર્વ લોકોનો એકમત ન રહે એ સ્વાભાવિક છે. તેથી જૈનો અરિષ્ટનેમિનો બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટ-નેમિ તરીકે અર્થ કરે છે. અને તેને સામા પક્ષકારો ફેરવી દે તો તેનાં અમારી કાંઈ હાનિ નથી. કારણ કે અમે તો **अरिष्टनेमिर्वः पुनातु** એ મંત્રથી બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિ, અમોને પવિત્ર કરો એ અર્થજ સત્ય માનીએ છીએ. વેદના એક મંત્રનો આર્યસમાજીઓ, શાંકરમતાનુયાયીઓ, રામાનુજ, વલ્લભાચાર્ય વગેરે જુદા જુદા અર્થ કરે છે તે પ્રમાણે અરિષ્ટનેમિનો બીજા પક્ષવાળાઓ જુદો અર્થ કરે તો તેથી અમારા અર્થને હાની પહોંચતી નથી. કારણ કે અમોએ કરેલો સત્ય અર્થ છે અને તેનો જૈન પ્રાચીન સૂત્રોમાં લખેલા અરિષ્ટનેમિ શબ્દ સાથે બરાબર મેળ આવે છે.

વેદની અન્ય ટળી ગયેલી શાખાઓમાં જૈન તીર્થંકરોના નામો હતાં તેના મંત્રો પણ અમારી પાસે મોજુદ છે. તેથી વેદોમાં તીર્થંકરોના નામોની યાદી છે. તેથી જૈન ધર્મની પ્રાચીનતા સિધ્ધ થાય છે. બાવીસમા તીર્થંકરનું નામ તો વેદ મંત્રથી સ્પષ્ટ જણાય છે. તેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાન્ આજથી સત્તાવીશ સો વર્ષ ઉપર કાશીમાં અશ્વસેન રાજના પુત્ર અને વામા રાણીના પુત્ર તરીકે પ્રસિધ્ધ થયા હતા અને એ બાબતનો જૈન શાસ્ત્રો વગેરેથી સિધ્ધ થાય છે. જર્મનીના પ્રખ્યાત પ્રોફેસર હર્મન જેકોબી વિગેરે યુરોપીયન વિદ્વાનો હવે તો એકમતે જાહેર કરે છે કે ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર વર્ધમાન પુર્વે અઢીસો વર્ષ ઉપર ત્રેવીસમા તીર્થંકર શ્રી. પાર્શ્વનાથ સિધ્ધ થયા અને તે પહેલાં જૈન શાસ્ત્રોથી તથા વેદથી બાવીસમા તીર્થંકર શ્રી. અરિષ્ટ-નેમિ સિધ્ધ થાય છે. જૈન રામાયણ પુસ્તકના આધારે વીશમા તીર્થંકર શ્રી મુનિ સુવ્રતના વખતમાં રામ-ચંદ્ર થયા છે એમ સિધ્ધ થાય છે તથા ભાગવતના આધારે પ્રથમ તીર્થંકર શ્રી. ઋષભદેવ સિધ્ધ થાય છે તેથી બાકીના તીર્થંકરો પણ પ્રાચીન ઘણા કાળ પુર્વે થયા હતા એમ સિધ્ધ થવામાં કોઈ જાતનો વિરોધ આવતો નથી અને તેથી જૈન ધર્મની પ્રાચીનતા સિધ્ધ થાય છે.

હિંદુ પુરાણમાં શ્રી આદિનાથની યાત્રા સંબંધી લખ્યું છે કે **अष्टषष्टिषु तीर्थेषु यात्राया यत्फलं भवेत श्री आदिनाथ देवस्य स्मरणेनाऽपि तत्फलम्** । અડસઠ તીર્થની યાત્રાથી જે ફલ થાય છે તે આદિનાથ અર્થાત્ ઋષભદેવના સ્મરણથી ફલ થાય છે. ઇત્યાદી પુરાણોથી પૂર્વે જૈન ધર્મ હતો એમ થાય છે.

દેશનાયક લાલા લજપતરાયે **ભારત વર્ષકા ઇતિહાસ** એ નામનું પુસ્તક લખ્યું છે તેમાં તેમણે લખ્યું છે:—

૧ લોગોંકા અનુમાન હૈ કે બુધ્ધધર્મ કે આરંભ કે પાસ પાસ હી જૈન ધર્મકા પ્રકાશ હુઆ.

૨ યદ્યપિ જૈન યહ માનતે હૈ કિ જૈન ધર્મ કે મૂળ પ્રવર્તક પાર્શ્વનાથ થે જો ભગવાન બુધ્ધસે લગભગ ઢાઇસો વર્ષ પહેલે હુએ.

૩ જૈન ધર્મકે બડે મૂલ પુરૂષ શ્રી. વર્ધમાન મહાવીર હુએ.

૪ મહાવીરજી મગધ દેશકે રાજકુમાર થે, પૂર્ણ યુવાવસ્થા કાલમેં વે સંસારકા ત્યાગ કરકે પારસનાથજીકે સંપ્રદાયમેં સંમિલિત હો ગયે. કુછ વર્ષકે પશ્ચાત્ ઉન્હોંને એક નવીન સંપ્રદાયકી નિંવ ડાલી ઔર અપની શિક્ષાકા ખૂબ વિસ્તાર કીયા......

( શ્રી. લાલા લજપતરાયના આ ચાર જુઠા વિધાનનો જડબાતોડ જવાબ વાંચવા માટે આવતો અંક અવશ્ય વાંચો. વધુ આવતા અંકે આપીશું.
—તંત્રીઓ )

---


## આપ કથાભારતીના ગ્રાહક થયા ?

"કથાભારતી" કેવળ શાસનસેવાના ઉદ્દેશથી શરૂ થયેલ સચિત્ર દ્વિમાસિક પત્ર છે, જે પાંચ વર્ષથી નિયમિત પ્રગટ થાય છે.

નાના-મોટા સૌને એક સરખો બોધ અને આનંદ આપે છે. સુંદર વાર્તાઓ સરળ શૈલીમાં સચિત્ર અપાય છે. શ્રી જિનેશ્વરદેવના આગમશાસ્ત્રથી વિરુદ્ધ જતી કોઈ કથા-વાર્તા આમાં લેવામાં આવતી નથી. બાળકોને નિર્ભયતાથી આ વાર્તાઓ વાંચવા આપી શકાય છે એકએકથી અધિયાતા અંકો આપી દિન-પ્રતિદિન પ્રગતિ કરી રહેલ છે. સમાજના સહકારથી ચાલી રહ્યું છે.

વાર્ષિક લવાજમ નજીવું રૂ. ૨-૮-૦ રાખવામાં આવ્યું છે, તો આપ તાકીદે લવાજમ ભરી શાસનસેવાના કાર્યમાં સહકાર આપશો.

(૧) કથાભારતી કાર્યાલય,
C/o શ્રી ભાનુ સ્ટોર્સ,
ચીમનલાલ કેશવલાલ શાહ
નાથીબાઇના ઉપાશ્રય સામે, ફતાસા પોળમાં
ઠુ. નં. ૯૬/૭, અમદાવાદ.

(૨) શા. બાબુલાલ સકરચંદ વીજાપુરવાલા
C/o બાબુલાલ રમણલાલ ટોપીવાળાની કું.
૨ જી અગિયારીલેન, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ-૩.

# ગાતાં ફુલ

લે. ગુણવંત શાહ

( અમોને જણાવતાં હર્ષ થાય છે કે ઉપરોક્ત શિર્ષકનો એક અભિનવ વિભાગ શરૂ કરીએ છીએ. ગયા અંકમાં લેખકશ્રીના ' આત્મ વિલેપન ' મથાળા હેઠળ કેટલાક ફુલ તેમનું ગીત ગાઇ ગયાં હતાં. આ અંકથી નિયમિત તેવા ફુલો તેમનાં ગીત ગાશે જૈન સાહિત્યની અંદર આ એક નવતર જ પ્રયોગ છે. ભ. મહાવીરના જીવન પ્રસંગોની આ જાતની ફુલગુંથણી પ્રથમવાર જ દેખા દે છે. અને તે પણ 'બુદ્ધિપ્રભા'ના પાને. અમે તેને પરમ સૌભાગ્ય માનીએ છીએ. અને આવા અભિનવ પ્રયોગનું અભિવાદન કરીએ છીએ. 'બુદ્ધિપ્રભા' ના વાચકો સમક્ષ શ્રી. ગુણવંત શાહ ઘણીવાર તેમનો રસથાળ લઇને આવ્યા છે. આ અંકથી હવે એ એક નવીન, સ્વાદુ વાનગી પીરસે છે. વાચકો તેને વધાવશે જ એ શ્રદ્ધા છે. —તંત્રીઓ )

પ્રભો ! મને ઘણી વાર આ માટે મુંઝવણ થાય છે. તું જગતના ઉદ્ધાર માટે જીવ્યો. તેમના કલ્યાણ માટે તેં સારૂં જીવન ખર્ચી નાખ્યું. પરંતુ આ કૃતઘ્ન સંસારે એના બદલામાં તને તો દુઃખ જ દીધું. અનેક લોકોએ તને સતાવ્યો. તારા કાનમાં ખીલા ઠોકયા. તારા પગનો ચૂલો બનાવ્યો. તારા પર ઢેખાળા ફેંકયા. તને ગાળો પણ દીધી. તને હેરાન કરી શકાય તેવું બધું જ આ સંસારે કર્યું. છતાંય તારા મોં પર મેં કદી વિષાદ નથી જોયો. તારી આંખમાં કયારે ય રોષ નથી જોયો તારા હોઠ પર મેં સખ્તાઈ નથી જોઇ. તું તો સદાય હસતો જ રહ્યો છે. તારી આંખોમાં તો હંમેશા પ્રેમ જ છલકતો રહ્યો છે.

પ્રભો ! એ નિર્મળ હાસ્ય ને પ્રેમભીની નજર તેં કેવી રીતે મેળવ્યાં એ તો કહે ?

"સત્ય પર મને વિશ્વાસ હતો. માનવના અંતરમાં મને ઊંડી શ્રદ્ધા હતી. અને હું તો વિરાગનો આરાધક હતો. વળી માનવના આત્મામાં મને સાચી આસ્થા હતી કે એક દિવસ જરૂર એ સત્ય સમજશે. રાગની ભયંકરતાને ઓળખશે. અને એ બીજથી જ હું સદાય હસતો રહ્યો છું." એ બોલી ઊઠયો.

★

"યશોદા ! વીર જાય છે ને તારી આંખમાં આંસુ નથી ? એનાથી રીસાઇ છે કે પછી તારૂં હૈયું પથ્થરનું બની ગયું છે ?" વર્ધમાન સંયમ સ્વીકારી રહ્યા હતા. તે સમયે મેં પુછ્યું.

"ગાંડા ! મારો વહાલો તો મુક્તિની મહાયાત્રાએ જાય છે. એની એ મહા સફરથી મારૂં હૈયું એટલા જોરથી ધબકી રહ્યું છે કે એના આનંદમાં હું બોલી ય શકતી નથી. અને વિરહનાં આંસુ સારૂં ? જા, ભાઇ ! જા. મારાં આંસુ એટલા સસ્તા નથી એ

આંસુ તો મેં બીજાના દુઃખ માટે સંઘર્યાં છે. મારા દુઃખમાં એ આમ ફોગટ વેરી દેવા એ મને પાલવે નહિ. અને હું મૌન છું. મારી આંખો આંસુહીન છે... ” એણે જવાબ આપ્યો.

★

શૈશવ કોને વહાલું નથી ? અને એ તો તારૂં ગુલાબી શૈશવ ! નાથ ! મારા, તારા શૈશવના એ તોફાનોને યાદ કરૂં છું ત્યારે મારૂં આ ઘરડું શરીર પણ નાચી ઊઠે છે !

પગના અંગુઠાથી મેરૂને પણ ડગમગાવતું તારૂં એ તોફાની શૈશવ ! પેલા ચોરના વેષમાં છુપાયેલા દેવને મુઠ્ઠી મારતું એ રમતિયાળ શશવ ! સાપને દોરીની જેમ ફેંકી દેતું તારૂં એ નાદાન શૈશવ ! મા ત્રિશલાના હાથે ઝુલતાં તારા પારણાનું એ હસતું–મસ્તીભર્યું શૈશવ !

કેટકેટલીઓ તારી છબીઓ યાદ કરૂં, મારા દેવ ? એ બધા જ તારા મિત્રો મને ગમે છે. ફરી ફરીને એ છબીઓ જેઉં છું અને મારો મનમયુર કેકારવ કરી ઊઠે છે. થન થન નાચી ઊઠે છે.

પરંતુ તારી પેલી તસ્વીરની તો હું રોજ પૂજા કરૂં છું. તારા શૈશવની એ ગંભીર છબીને તો હું રોજ જેયા કરૂં છું. બસ એને ઘડીએ ઘડીએ નિરખ્યા જ કરૂં છું.

તું મા ત્રિશલાના ઉદરમાં જ નકકી કરી લે છે : “ માના જીવતાં જો જઈશ તો એનું હૈયું ભાંગી જશે. ના...ના... માને દુઃખ નહિ દઉં એથી તો બહેતર છે હું મોડો મોડો જઉં અને હા, હું એમ જ કરીશ. ”

માતૃભકિતની એ અમર છબી !!! !

તારા શૈશવના આલ્બમની એ પહેલા પાનાની સુવર્ણ છબી ! !... હજુ તો તેં માનું મોં પણ નથી જેયું અને તું માના દુઃખે આમ નકકી કરે છે. માના પ્રેમથી ધબકતી તારી શૈશવની એ ભકિત ભીની, માતૃપ્રેમની એ છબી આગળ મારૂં મસ્તક, નાથ ! મારા, રોજ નમે છે. રોજ નમે છે...

★

મારા આરાધ્ય દેવ ! તારી દેશનાના એ મંગળ સૂરો હજુય મારા કાનમાં ગુંજે છે. પણ મારા હૈયાને મસ્તીભર્યું અને આનંદથી તરબોળ તો તારા એ મૌનનું એ દિવ્ય સંગીત જ રાખે છે. એ મંજુલ સ્વરોથી મારા અંતરનું બુલબુલ ધીમું ગણગણી ઊઠે છે !

સાચું કહું નાથ ! મારા ? તારી દેશના કરતાં તો હું તારા મૌનનો રાગી છુ તારી એ તત્ત્વજ્ઞાન સભર દેશનાએ મારા મગજને કેળવ્યું છે. પણ મારા હૈયાનું ઘડતર ને મારા ચારિત્ર્યનું ચણતર તો એ તારા મૌને જ કર્યું છે. હા ! તારા એ મૌનેજ એ બંધ બે હોઠોએ જ મારી જીવન ઈમારત ચણી છે.

જ્યારે જ્યારે મારા પર દુઃખ પડયું છે. કર્મના સીતમથી જ્યારે જ્યારે હું જિંદગીથી ગભરાઈ ગયો છું. ત્યારે ત્યારે મને એ દુ,ખ ને સીતમ જીરવવાની અને તેય હસતા હોઠોથી–એ પ્રેરણા તો મને તારી મૌન પ્રતિમાએ જ આપી છે.

જીવનધન ! તારી દેશનાએ મારા જીવનને સંસ્કાર્યું છે, શણગાર્યું છે. બહારનો એને ઓપ આપ્યો છે. પણ એને સંગીન અને સુદ્રઢ બનાવવાનું બળ તો મને પેલા તારા બાર બાર વરસના મૌને જ આપ્યું છે.

આથી જ દેવ મારા ! તારી દેશના કરતાં તો તારા મૌનનો રાગી છું.... ”

★

# રાંકનું રતન—

લે. ઉષા જોષી. બી. એસ. સી., એમ. એડ.

આગ લાગી...આગ...લાગી, એ સમાચાર આજુબાજુનાં ગામોમાં ફરી વળ્યાં, અને તેમાં વળી બંબાના ટીન...ટીન... અવાજે તેની સાબિતી પુરવાર કરી.

આ બાજુ અમથીમા લાકડી લઈને ત્રણ-ચાર માઈલ દૂર જવા માટે નીકળી પડયાં. જવલ્લેજ ચાલતાં ડોશીમામાં આજે આટલું બધું ચાલવાની હિંમત કોણ જાણે કયાંથી આવી ગઈ હશે ? તો પણ પોતાની શકિત ઉપર ઓછો ભરોસો લાગ્યો હોય એમ, એમણે બીજી એક લાકડી બગલમાં રાખેલી. વખત છે, એક લાકડીના ટેકાથી ચલાય નહિ, તો બીજી લાકડી ઉપયોગમાં આવે !

બરાબર ખરે બપોરે, સૂરજ માથે હતો તે સમયે, ધોમધખતા તડકામાં, પગમાં પગરખુંય નહતું અને એ નીકળી જ પડયાં ! શરૂઆતની ગતિ ઝડપી હતી, પણ પછી ચાલ ધીરી પડી. ઝાડની છાયામાં ઊભા રહેવાને મન લલચાયું, પણ અત્યારે ત્યાં ઊભા રહેવાનો વખત નહતો. ઘણાય જુવાનિયાઓ અને આધેડ માણસો એ બાજુ જ જઈ રહ્યાં હતાં પણ સૌ સૌની ધૂનમાં જતાં હતાં. અત્યારે કોઈને કોઈ સાથે વાત કરવાની પડી નહતી. મોટા ભાગના દરેકની પાસે ચિંતા હતી. દરેકનું કોઈનું કોઈ સગું ત્યાં ભભૂકતી આગ પાસે હતું. દરેક જણ પોતાનાં સગાંને હેમખેમ જોવા માટે, બને તેટલી ઝડપથી પહોંચી જવાય એટલા માટે ઝડપથી જતા હતા.

અમથીમા એ બધાની સરખામણીમાં કેટલાંય પાછળ રહી ગયાં તેમ છતાં પણ એમણે પણ પોતાની ધીરી ગતિનો સંતોષ માનીને, આ ઉંમરે પણ, વગર અટકયે ચાલવાનું ચાલુ રાખ્યું.

આંધળાની એક આંખ જેવો, આ વિધવા ડોશીનો એકનો એક પુત્ર, જ્યાં આગળ આગ લાગેલી, તે જીનમાં જ કામ કરતો હતો ! એટલે ડોશીમાનો જીવ અધ્ધર થઈ ગયો હતો. મનમાં જાતજાતની ભયાનક કલ્પનાઓ આવી રહી હતી. બીજી જ પળે પાછો એવો પણ વિચાર આવ્યો, 'ના, ના, એને કંઈ ઈજા નહિ આવી હોય. આવતે મહિને તો એનાં લગ્ન લેવાનાં છે. ઈશ્વર પોતાની લાજ તો રાખશે જ' આ બધા જ પ્રશ્નોનું સમાધાન એના પોતાના મનને કર્યા સિવાય છૂટકો ન હતો.

ઉનાળાનો દિવસ અને તેમાં વળી ખરો બપોર, તરસ તો એવી લાગેલી કે ન પૂછો વાત ! પણ અમથીમા તો નિશ્ચય કરીને બેઠાં કે 'શામલાનું મોઢું જોયા વગર પાણી પીવું નથી. પાણી વગર મોત આવે તો વાંધો નહિ.'

એમ કરતાં કરતાં અમથીમાએ તો કેટલુંય ચાલી નાંખ્યું. અને જોતજોતામાં તો તેમને આગની ભભૂકતી જ્વાળાઓ દેખાવા માંડી. મોઢેથી બૂમ પડાઈ ગઈ, 'ઓ...બા...પ...રે...' અમથીમા લોથ થઈને ઢગલો થઈ પડયાં. આંખે રાતાંપીળાં આવ્યાં. ચક્કર આવવા માંડયાં. ઊભા થવાનો પ્રયત્ન કર્યો પણ ઊભાજ ન થવાયું સાથે લીધેલી બીજી લાકડીનો ઉપયોગ પણ નિષ્ફળ ગયો. બેસીને ઘસાઈ ઘસાઈને ચાલવાનો પ્રયત્ન કર્યો, પણ એટલીય શકિત ન હતી. સારે નસીબે ત્યાંથી પસાર થતા ભરવાડની આ ખખડી ગયેલી વૃધ્ધા ઉપર નજર પડી. તેને દયા આવી. તેણે નજીક આવી અમથીમાને ટેકો આપ્યો,

ઊભાં કર્યાં, હાથ ઝાલીને દોરવા માંડ્યાં. અમથીમાથી બોલાઈ ગયું. 'બાપુ ! તારું ભલું થાજો !'

ભરવાડે પુછ્યું 'માજી, પણ તમે આમ ઘરડે ઘડપણે આગ જોવા ક્યાં ચાલ્યાં ? ઝાનામાનાં ઘેર ન રહ્યાંએ.'

એ ઉતાવળે બોલનાર ભરવાડને ખબર ન હતી કે પોતે આગ જોવા નીકળ્યો હતો. એવો આ વૃધ્ધાને કંઈ આગ જોવાનો કોડ નહતો.

અમથીમા એટલાં બધાં બેબાકળાં બની ગયાં કે, કંઈ જવાબ ન વાળ્યો. એટલે ભરવાડ ફરી બોલી ઊઠ્યો :

'પણ માજી, તમારે ક્યાં જવું છે એટલું તો બોલો ?'

વૃદ્ધ શરીર કાંપતું હતું, થોથરાતી જીભે જવાબ આપ્યો : ' દી...ક...રા...પા...સે... "

ભરવાડ આ સાંભળીને શરમિંદો પડી ગયો. પોતે ઉતાવળમાં ગમે તે બોલી નાખ્યું, તેનો પસ્તાવો થયો. તેનુ પ્રાયશ્ચિત કરવા શાંતિથી બોલ્યો,

' માજી ! ગભરાશો નહિ. હું લઈ જઈશ ભગવાન તમારા ભોળા હૃદયની લાજ રાખશે. '

આટલા આશ્વાસનના શબ્દોથી માજીના શરીરમાં કંઈક ચેતન આવ્યું હોય તેવું લાગ્યું. તેમની ચાલવાની ગતિ સહેજ ઝડપી બની. કંપ પણ થોડો ઓછો થયો.

થોડી વાર પછી બન્ને જણાં આગના સ્થળે આવી પહોંચ્યાં, પણ આમાં રામલાને શોધવો શક્ય ન હતો. ભરવાડે બુધ્ધિ ચલાવી ને બન્ને દવાખાને ગયાં. ત્યાં તો વળી કદી ન જોવા મળેલું એવું કરૂણ દૃશ્ય જોવા મળ્યું !

અસંખ્ય દાઝી ગયેલાં, નાનાં મોટાં ચીસો... ચિચિયારીઓ અને રડારોળ કરી રહ્યાં હતાં. કેટલાંક પોતાનાં સ્વજનને ગુમાવ્યાનો શોક પોક મૂકીને કરતાં હતાં. સારવાર કરનારાઓ ગણ્યાં ગાંઠ્યાં હતાં એ બધાં ખંત પૂર્વક પોતાની ફરજ બજાવી રહ્યાં હતાં.

આવી પડેલી ભયાનક આફતે નાતજાતનો કે શ્રીમંત ગરીબનો ભેદ ઉડાડી દીધો હતો. દ્વેષ–ઈર્ષા તો કોણ જાણે ક્યાં નાસી ગયાં હતાં. દરેક જણ પાસે સહાનુભૂતિ હતી ! દરેકને એમ થતું હતું કે એક માનવે પીડિત માનવની સેવા કરવામાં કઈ રીતે મરી ફીટવું. પણ કમનશીબે ઘાયલ થયેલાની સંખ્યા એટલી બધી મોટી હતી કે, તેમાં થોડા ઘણા સેવાભાવીઓની અસર પહોંચી વળે તેમ ન હતું

આવી પરિસ્થિતિ જોઈને પેલા ભરવાડે પણ પાટાપીંડી કરવાના કામમાં ઝંપલાવી દીધું. ડોશીમાને આવવું હતું ત્યાં તેમને લઈ આવ્યા પછી તેને આ કામ ઘણું અગત્યનું લાગ્યું, એટલે એ આ કામમાં પડ્યો.

ડોશીમા આ બધું જોઈને હિંમત તો તદ્દન હારી ગયાં હતાં. પણ અત્યારે હિંમત પોતાની મેળે જ આણવાની હતી. વળી પુત્રનું મુખ જોવાની તાલાવેલી લાગી હતી. એટલે ધીરે ધીરે ઘાયલ થયેલ દરેક જણ પાસે એમણે જવા માંડયું. આંખે ઓછું દેખાતું હતું એટલે નીચા વળી વળીને એમણે જોવા માંડયું કે દરદી તે પોતાનો રામલો તો નથી ને ?

છેવટે થાકીને અમથીમા લાંબા ઓરડાને ખૂણે આવીને અટક્યાં. એક નર્સ એક દરદીની સારવાર કરી રહી હતી. વહેમ આવ્યો કે આ જ મારો રામલો લાગે છે. અને ખરેખર એ વહેમ ન હતો. એ સાચે જ રામલો હતો. ખૂબ જ દાઝી ગયેલો રામ બેભાન સ્થિતિમાં હતો. ન હાલે કે ન ચાલે ! કમનશીબે તેની છાતીનો ભાગ જ દાઝી ગયો હતો. એટલું જ નહિ પણ એ નિર્દય અગ્નિજ્વાળા એની બંને આંખોને પણ ભરખી ગઈ હતી.

અમથીમા તો સ્તબ્ધ જ થઈ ગયાં. નર્સના પગમાં પડયાં અને રડતાં રડતાં કહ્યું: 'તું મારી મા છે, મારૂં રાંકનું એકનું એક આ રતન છે, એને કોઈપણ હિસાબે બચાવ. હું તારો ઉપકાર કોઈ દિવસ નહિ ભૂલું !'

નર્સે પણ વિવેકમાં કહ્યું: 'માજી, હું મારાથી

બનતું બધું જ કરીશ. પણ...આ ભાઇ બહુ દાઝી ગયા છે. છાતીની ચામડી ખલાસ થઇ ગઇ છે, નવી ચામડી લગાવવી પડશે.'

ડોશીમાને 'સર્જરી'માં તો કંઇ ગતાગમ ન પડે, પણ એટલું સમજ્યાં કે નવી ચામડી જોઇએ, એટલે તરત બોલી ઉઠયાં.

'બેન...બો..બાપુ, મારી ચામડી ઉતારી લે તો ? મારા ઘરડા દેહનું સાર્થક થશે.'

નર્સે કહ્યું, 'ના, માજી, એવું ન હોય. તમને ઘરડેઘડપણ ક્યાં પીડામાં ઉતારવાં ! જોઇએ, થોડા ઇલાજ કરીએ. સારું નહિ થાય તો હું કંઇક એનવાઇ કરીશ.'

ડોશીમાની અધીરાઇ વધી ગઇ એટલે બોલી ઉઠયાં: 'ના બાપુ, મારે જોવું નથી તમ તમારે એ ઇલાજ કરો. લાવો ચપ્પુ ! હું ઉતારી આપું' એમ કહી એક ચપ્પા જેવું પાસે પડેલું નર્સનું તીક્ષ્ણ હથિયાર હાથમાં લીધું.

નર્સ ઉંચે સાદે બોલી ઉઠી, 'અરે...માજી ! એમ ન હોય, તમને સમજણ પડે નહિ ને !'

'ના મને બધી સમજ પડે છે. તમે નહિ ઉતારો તે પણ હું કંઇક કરી બેસીશ.'

અમથીમા દીકરાને જીવતો જોયા પછી એટલાં બધાં હિંમતમાં આવી ગયાં હતાં કે, નર્સને છેલ્લી ડરામણી પણ આપી દીધી. લાંબા વાદવિવાદને અંતે નર્સની હાર થઇ. છેવટે ડોશીમાને રાજી રાખવા ખતર પણ, એમની કરચલીવાળી વૃધ્ધ કાયાનું થોડું પડ લીધા સિવાય છુટકો ન હતો.

વૃધ્ધ માતૃહૃદય તેને હરાવી ગયું. તેનું જે કાર્ય ન હતું, તે કરવા તે તૈયાર થઇ ગઇ.

નર્સને એ કાર્ય કરતી જોઇને, પાસેથી પસાર થતો વડો ડોકટર અટકયો અને ગુસ્સામાં બોલી ઉઠયો, 'તું આ ઘરડી ડોશીને શું કરે છે ?'

નર્સે કહ્યું: 'અત્યારે મારે ચર્ચા કરવાનો વખત નથી. માતૃહૃદયને સમજવા માટે સ્ત્રીહૃદય જોઇએ, એ તમારું કામ નહિ !'

ડોકટર પણ એટલો બધો કામમાં વ્યગ્ર હતો કે પુરું સાંભળ્યું ન સાંભળ્યું અને ચાલ્યો ગયો. બીજે દિવસે નર્સે કદાચ એવો જવાબ આપ્યો હોત તો બિચારીની નોકરી જોખમાત. પણ આજે તો વડો કે હાથ નીચેનો માણસ એવું કંઇ રહ્યું ન હતું. પોતપોતાનાં કામનાં આજે બધાં અધિકારી હતાં.

ગમે તે હો, એ અમથીમાની ચામડીએ ન ધારેલો એવો ફાયદો રામને કરી આપ્યો. ગણ્યા ગાંઠયાં દિવસોમાં તો એ ભાગ પર રૂઝ પણ આવી ગઇ. નર્સ દરરોજ જોવા આવે, અને હજી જખ્મ તપાસતી હોય, પોતાનો 'રિપોર્ટ' આપવાનો બાકી હોય, ત્યાં તો અમથીમા બોલી ઉઠતાં, 'બેન, બાપુ, કાલ કરતા આજે સારું લાગે છે નહિ ?'

નર્સ પાસે પણ માનું હૃદય હતું, એટલે એ પણ બોલી ઊઠતી : 'હા, ઘણું સારું છે. તમને હવે થોડા દિવસ પછી ઘેર જવાની છૂટ મળશે.'

નર્સ જાય, એટલે અમથીમા પોતાનો વૃધ્ધ હાથ, રામના માથા પર ફેરવે. એના જતી રહેલી આંખો તરફ બારીકાઇથી જુવે, એ જતી રહેલી આંખોને કેટલીયવાર ચુંબન લીધા કરે, જો એમ કરીને પણ આંખો પાછી આવવાની હોય તો ! એ સિવાય મા પાસે બીજો ઉપાય પણ શું હોઇ શકે ?

બીજે દિવસે પાછી નર્સ આવી, રામને પાટાપીંડી કર્યાં, અને પોતાનું કામ પતાવી રહેવા આવી હતી, ત્યાં અમથીમ બોલી ઊઠયાં, 'હેં... બેન, આ ચામડીની જેમ મારી આંખો ન નાખી શકાય ?

નર્સ એકદમ હસી પડી, તેના આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં, અને બોલી : માજી ! તમે તો ખરાં છો. તમારો લોભ તો વધતો ચાલ્યો એમ કહો કે આ તમારું રતન સાજું સારું રહ્યું. એનેજ આંખો માનો.'

પાછી ગંભીર થઇને બોલી. 'માજી, એવું ન થાય. આપણે ત્યાં એવું નથી થતું.'

અમથીમાને એમ થયું, બીજે ક્યાંક વળી એવું થતું હશે, એટલે બોલ્યાં, 'બીજે કોઇ ગામ

એવું કરી આપે ખરાં ?

'ના, માજી, આપણા દેશમાં એવું ક્યાંય નથી. એ તો દૂર દૂરના દેશોની વાત છે. ટૂંકમાં એ આંહી ન બને.'

અમથીમા એમ તો સમજુ હતાં, એટલે વાત સમજી ગયાં.

થોડા દિવસો પછી રામ તદ્દન સારો થઈ ગયો હવે એમને ઘેર જવાની રજા મળી ગઈ. બીજા દિવસની પરોઢે મા-દીકરો જવાનાં હતાં. પણ તે રાતે અમથીમાને ઊંઘ ન આવી.

મનમાં થયાં કરતું હતું કે આ નર્સ બહેને બહુ ચાકરી કરી છે, એનો બદલો કઈ રીતે વાળવો ? એકબાજુ બદલો વાળવાની તીવ્ર ઇચ્છા હતી, બીજી બાજુ ગરીબી ખાઈ રહી હતી. રામના એક મહિનાના પગારમાંથી બચેલા પાંચ રૂપિયા સિવાય પોતાની પાસે બીજું કાંઇ નહતું. અને વળી એટલા રૂપિયા આપવા, તે આ ખરેખર ગરીબ પણ મનની મોટી એવી આ વૃધ્ધાને બહુ ઓછા લાગ્યા.

રામને માએ પૂછ્યું, 'આપણે આ નર્સ બહેનને શું આપીશું ?'

રામ પણ વિચારમાં પડી ગયો. કારણ કે એની પાસે તો એક કાણી પાઇ પણ નહતી. થોડીવાર પછી તેણે જવાબ આપ્યો.

'મા, આ મહિનાના સોળ દિવસ ચડ્યા છે, પણ એ તો હજી આવે ત્યારે.' વળી પાછો બોલ્યો, આપણે ઘેર પણ કંઇ ભેટ આપવા જેવી ચીજ નથી. નહિતર એ પણ આપીએ.'

બહેનને કંઇક સંભારણું આપી જવું હતું પણ પાસે પાંચ રૂપિયા સિવાય કાંઇ નહતું. નર્સને પણ અમથીમા જોડે પ્રીત બંધાઇ ગયેલી. એટલે બીજા દિવસે સવારના મા-દીકરાને વળાવવા માટે આવી પહોંચી.

અમથીમા જતાં જતાં એટલાં બધાં ગળગળાં થઇ ગયાં કે તેમનાથી કંઈ બોલાયું જ નહિ. છેવટે પાંચ રૂપિયાની નોટ કાઢી નર્સના હાથમાં મૂકવા લાગ્યાં, ત્યાં તો એ ચપળ બાઇ કેટલાક ડગલાં પાછળ હટી ગઈ અને બોલી, 'એવું કરો તો મારા દીકરાના સ...મ...'

ત્યાં તો એકદમ અમથીમાએ એના મોં પર હાથ દઈ દીધો અને કહ્યું. 'એવું ન બોલશો, તમારે પણ એકનો એક છે. પણ, મારા જેવી ગરીબનું આટલું રાખો. હું બીજું અત્યારે શું આપું ?

નર્સે કહ્યું, 'ના, માજી ! એવું ન હોય. અમારે તો અમારી ફરજ બજાવવાની હોય. એમાં જ બધું આવી જાય. એ કંઇ ઉપકાર નથી. એ તો અમારૂં જીવન છે. '

શું ખરેખર આવા ફરજના ભાનવાળા માણસો હશે ખરા ? હોય કે ન હોય પણ આંહી આ એક બાઇ તો હતી !

નર્સે અમથીમાના રહેઠાણની ચોક્કસ માહિતી લઇ લીધી. કદાચ કોઇ વાર જવાનું મન થાય. છેવટે મા અને દીકરો નર્સથી છૂટાં પડયાં. અમથીમા તેને ભેટયાં, ખૂબ આશીર્વાદ આપ્યા અને કહ્યું ' દીકરી આવજે. '

દરરોજ 'બેન' કહીને બોલાવતાં અમથીમાથી આજે ' દીકરી ' બોલી જવાયું :

રામ બોલ્યો : 'બહેન ! આવજે ! '

અંધ દીકરાને દોરી જતી માને, નર્સ ક્યાંય સુધી જોયાં કરી. દીકરાને લઈ જતી વૃદ્ધા પાસેનો આનંદ કંઇ અનેરો જ હતો. આજે તો જગ જીતીને પાછી વળી હતી !

*

રામલો નાનો હતો ત્યારે દળણાં દળીને જીવન નિર્વાહ ચલાવતી અમથીમાએ રામ કમાતો થયો, ત્યારથી ઘંટી છોડી દીધેલી. ફરીને એ જ અવાજ ને એ જ રણકો આજે કેટલાય વર્ષો પછી શરૂ થયો. પણ વર્ષો પહેલાંના એ ઘંટીના અવાજમાં યુવાન વૈધવ્યનું જોર હતું આજે એ અવાજમાં વૃદ્ધ વૈધવ્યનો થાક હતો ! પણ તે સિવાય છૂટકો પણ નહતો.

ડોશીએ દળતાં દળતાં વિચાર કર્યો : ' સારું થયું, રામનાં લગ્ન નથી કર્યાં, નહિતર બિચારી પારકી જણીનું શું થાત ? '

ડોશીમા પાસે માતૃહૃદય હતું, પણ તેમની પાસે બીજાના હિતનો પણ ખ્યાલ હતો. વળી પાછો બીજો વિચાર આવ્યો :

' હું કેટલા દહાડા ? મારા પછી રામલાનું કોણ ? ' આવા જાત જાતના વિચાર મનને સતાવી રહ્યા હતા.

થોડો વિસામો ખાધો. પાછી ઘંટી ફેરવવી શરુ કરી. ત્યાં થોડી વાર પછી કોઈએ આવીને એ ઘંટીના હાથાને થોભાવ્યો. અમથીમાને થયું આ તો પેલાં નર્સબહેન લાગે છે. વળી, આછું અંધારું એટલે બોલ્યાં,

' બેન, તમે અત્યારે અહીં ક્યાંથી ? '

સામેથી જવાબ મળ્યો : ' ના, હું કોઈ બહેન નથી. હું તો તમારા ઘરની...વ...હુ...'

અમથીમા તો અચંબો પામી ગયાં એને થયું પોતે કોઈ સ્વપ્નમાં તો નથી ને !

ત્યાં તો નવી આવેલી વહુ પગમાં ઢળી પડી. થોડી ક્ષણો પહેલાં જ જેના હિતનો પોતે વિચાર કર્યો હતો, તે સાક્ષાત્ અહીં શા માટે આવી પહોંચી હશે ? અત્યારે વહેલી પરોઢે ક્યાંથી આવી હશે ? પાછી એકલી લાગે છે ! એને કોણે કહ્યું હશે ? સગાઈ તોડવાનું કહેવા આવી હશે ? આવા આવા અનેક પ્રશ્નો અમથીમાના મગજમાં ઘોળાવા માંડયા પણ એમાંનો એકે પ્રશ્ન પૂછ્યો નહિ. પોતે મૌન જ રાખ્યું.

ત્યાં તો એ ભવાન વહુ બોલી, ' મને ખબર મળ્યા. '

'પણ તું અત્યારે એકલી કઈ રીતે આવી ? તને ભલી આવવા દીધી ?' અમથીમાએ પૂછ્યું.

એ બોલી, હું કેવી રીતે આવી, તેની પાછળ તો લાંબો દર્દભર્યો ઇતિહાસ છે. એ કંઈ કહેવાની જરૂર નથી. હું તો એટલું જ જાણું છું કે મારે આજથી અહીં હંમેશને માટે રહેવાનું છે. એ સિવાય હું બીજું કંઈ જાણતી નથી.'

અમથીમા આ બધું સાંભળીને મુંઝાઈ ગયાં. અને મૂંઝવણમાં ને મૂંઝવણમાં બોલ્યાં, 'ના બેટા, એવું ન હોય. તારી જુવાનીનાં સપનાં તું બીજે પુરાં કર. દીકરી ! તારા જીવનને, નસીબ લઈ જાય ત્યાં તું તારે જા માડી ! તું આવી ગઈ એટલું જ બસ છે દીકરી ! મારા આશીર્વાદ છે, કે તને સુખી ઘર મળે ! અને તું તારા ભર્યાં બો...ર...' અમથીમાથી આગળ ન બોલાયું.

પણ એ યૌવનાની આંખમાંથી ચોધાર આંસુ સરી પડયાં. એનું મન પણ થોડી ક્ષણો માટે ભરાઈ આવ્યું. પોતાના પાલવથી આંખો લુછી છેલ્લું ડુસકું ખાઈ લીધું ! પછી લાગ્યું કે હવે કંઈ બોલી શકીશ, એટલે હિંમત એકઠી કરી થોડીવાર પછી બોલી,

'મને મારું નશીબ અહીં જ લઈ આવ્યું છે. મને લાગે છે, આ ઘર મને સુખી કરશે. આ મારું ખરું ઘર છે. આ ઘરમાં ઘણું ઘણું ભર્યું છે, તે મને ભોગવવા દો. મને અહીં રહેવા દો. સેવા કરવા દો.'

'સેવા ? કોની સેવા, બેટા ?' અમથીમાએ પુછ્યું.

'મા ! શા માટે મને શરમાવો છો ? કોની સેવા...તે તમારી અને તમારા દિકરા...ની'

'એ વિચાર છોડી દે દીકરી ! તારા જેવી સમજુને એવી હઠ ન શોભે. બેસ, તું અમારા બન્નેની આશિષ લઈને જા !'

'ના, મારે આશિષો લઈને જતા નથી રહેવું. હું તો અહીંજ રહીને આશિષો લેવાની છું. એની ખાતરી કરવી હોય, તો જુઓ, બહાર જઈને જુઓ !

અમથીમાને થયું, એવી તે શી ખાતરી કરવાનું આ કહે છે, એમાં પોતાને કંઈ સમજ ન પડી. એટલે બહાર આવ્યાં અને જોયું તો રામ ઘસઘસાટ ઊંઘતો હતો. તેના ગળામાં વરમાળા

ઓપતી હતી, અને બીજી એક માળા તેના હાથ આગળ પડેલી હતી !

રામ જાગ્યો ત્યારે અમથીમાએ તેને સઘળી વાત કરી. એના વિચારો પણ પોતાની માના જેવા જ હતા એટલે એ બોલી ઊઠ્યો :

'મા ! એવું ન હોય ! મારે ખાતર બીજાનું જીવન બરબાદ થાય એ વિચાર મને કંપાવે છે. તું હમણાં જ જઈને મૂકી આવ. એમાં આપણી શોભા છે. ત્યાં સુધી મને ચેન નહિ પડે.'

અંદરથી જવાબ આવ્યો. 'હું ચેન પાડવા જ આવી છું. હું અહીંથી જવાની નથી. મેં વ..ર... મા ..ળા... એક વાર પહેરાવી દીધી છે ! મારી પાસે એ એક જ માળા હતી હવે બીજા કોઈ માટે નથી. અને તમારા હાથ પાસે પડી છે તે મને... એટલે મારું રહેવાનું નક્કી થઈ જાય, ને બધાને ખાત્રી થાય મેં તો મનથી ક્યારનું ય આ ઘર મારું કરી લીધું છે.'

આખરે મા–દીકરો સમજાવતાં થાક્યાં, ત્યારે પાડોશીઓ અને બીજાં સ્નેહીઓએ પણ પોતાની મેળે ઘરરાણી બનીને આવેલી યુવાન સ્ત્રીને બહુ સમજાવી, પણ બધા જ નિષ્ફળ ગયા. તેના આત્મ નિશ્ચય આગળ સૌએ હાર કબુલી.

દિવસો વીતવા લાગ્યા. સહુને છેવટે કબુલ કરવું પડ્યું કે 'આ તો કોઈ ખાનદાન કુળનું બીજ છે. એ કંઈ અ વેલા અકસ્માતથી ખાનદાની ન છોડે !'

જાત જા ની પ્રવૃત્તિઓ કરીને તેણે ઘર ચલાવવું શરૂ કર્યું એટલુંજ નહિ પણ એ અપંગ કહીએ તેવી વ્યક્તિઓના જીવનને તેણે ભર્યું ભર્યું બનાવ્યું અને તે પણ હંમેશ હસતે મોંએ !

વહુ તો રાંકનું રતન હરી. તેને માટે પ્રશંસાના ગીતો ગવાવા લાગ્યાં. એને માટે બધાને ભાવ થયો. એ મહોલ્લામાં એને 'લાડીલી રાણી' નામથી સૌ સંબોધતાં.

ખરેખર ટુંક મુદ્દતમાં એ નાના–મોટા સૌની માનીતી થઈ ગઈ. એને કામ પર જતી જોઈને ઓટલે બેઠેલા વૃદ્ધો બોલી ઊઠતા ;

'આ ઘરની લક્ષ્મી.'

થોડા દિવસો પછી જેણે રામની ચાકરી કરેલ તે નર્સ એક ભાઈ સાથે અમથીમાનું ઘર શોધતી આવી ચઢી. તેની સાથે આવનાર વ્યક્તિ તે જીનનો માલિક હતો. તે દ્રવ્યથી થોડો ઘણો પાયમાલ પણ થયેલો પણ તેની માનવતા મરી પરવારી નહતી. તેણે અપંગ થયેલાંની યાદી દવાખાનામાંથી મેળવેલાં એટલુંજ નહિ પણ એવાઓને થોડી મદદ પોતાના તરફથી મળતી રહે તેવી ગોઠવણ પણ કરેલી. એટલા જ માટે તે આજે આ નર્સ સાથે અહીં આવ્યો હતો.

શેઠે ઝુંપડીમાં પ્રવેશ કર્યો. શરૂઆતમાં રામની આંખો ગઈ, તેનો શોક કર્યો ત્યાર પછી કહ્યું.

'હું તમને થોડીઘણી પૈસાની મદદ મળતી રહે તે માટે આવ્યો છું. તમારે આંખો નથી, એટલે કેટલી મુશ્કેલીઓ આવે તે હું સમજું છું,' પોતાને કહેવાનું હજી બાકી હતું, ત્યાં તો શાંતિથી એક ખૂણામાં બેસીને આ બધું સાંભળી રહેલી યુવાન સ્ત્રી બોલી ઊઠી :

'શેઠ, એવું ન માનશો એમને આંખો નથી. પણ એમની આંખો સમી તો હું છું. એટલે અમારે પૈસાની જરૂર નથી. અમારાથી વધારે દુઃખી બીજાં નહિ હોય ?'

આગળ બોલતાં તેણે કહ્યું, 'એ આસમ બીજાં ઘણાંય અપંગ થયાં છે. એમાં જેને કોઈ ન હોય, એવાઓને માટે એ રકમ વાપરો શેઠ ! એ વધુ સારું છે તમે બતાવેલી દયા, તો અમે કદી નહિ ભૂલીએ !

શેઠ તો આ સાંભળીને મૂંગા થઈ ગયા. કારણ કે પોતાને આગળ બોલવાનું કંઈ રહ્યુંજ નહિ. પોતે એક ઊંડા મનોમંથનમાં ઉતરી ગયા.

શું ગરીબ ઝૂંપડીમાં પણ આવા આત્માઓ વસતા હશે ?

અને એનાં કરતાં પણ વધુ વિચાર સાગરમાં નર્સ ડૂબી ગઈ. એ વિચાર કરતી હતી :

'હું આ બધામાં કોને શ્રેષ્ઠ ગણું ? માને કે આ યુવાનને કે હિંમતભરી પેલી પુત્રવધૂને ?'

# ચિનગારી !....

લેખક : જૈની

એનું નામ રોહિણી. ચોરી એનો ધંધો. એ ધંધાનો એ પાવરધો હતો. રાજગૃહીની અંદર એણે આ ધંધાથી તરખાટ મચાવી દીધો હતો. ભલભલાની એણે તીજોરીઓ તોડી નાખી હતી. ખુલ્લા દિવસે પણ એ ચોરી કરી શકતો હતો.

એને પકડવા માટે ઇનામ હતું પણ કોઈ એને પકડી શકતું ન હતું. એના પગમાં ખીલો વાગ્યો. લોહી દબાવવા એણે પગ દાબ્યો.

ત્યાં બાજુમાં જ ભ. મહાવીર ઉપદેશ આપી રહ્યા હતા. તેમનું એક વચન એના કાને પડી ગયું. "દેવોની ફૂલમાળા કદી કરમાતી નથી. તેઓ જમીનથી અધ્ધર જ રહે છે."

રોહિણી પાકો નાસ્તિક હતો. ધર્મમાં એને શ્રદ્ધા ન હતી. અને ભ. મહાવીરને તો એ પાખંડી જ માનતો હતો. તેમના પર તો તે તિરસ્કાર જ કરતો હતો.

એણે જાણ્યું કે જ્યાંથી પસાર થઈ રહ્યો છું ત્યાં આગળ વીર ઉપદેશ આપી રહ્યા છે તેથી એ કાનમાં આંગળા ઘાલી નાસતો હતો.

ત્યાં ખીલો લાગ્યો. કાન દબાવતાં પેલા શબ્દો કાને પડ્યા. એ ખૂબજ ગુસ્સે થઈ ગયો. એ શ્રવણથી એને ભારે અફસોસ થયો, અને ભગવાનને ગાળો દેતો દેતો આગળ દોડવા લાગ્યો.

એક દિવસ એ પકડાઈ ગયો.

એની ચોરી કબૂલાવવા માટે અભય મંત્રીએ સ્વર્ગની રચના કરી હતી. ફૂલોની પથારી સજાવી હતી. સુંદર સ્ત્રીઓને રોહિણીની સેવામાં હાજર કરી હતી મંગળ વાજિંત્રો પણ વાગતા કર્યા હતા. આબેહુબ સ્વર્ગ બનાવ્યું હતું.

રોહિણી બેભાનીમાંથી જાગ્યો. એને પ્રથમ ઘેનમાં નાખવામાં આવ્યો હતો. પોતાની પૂર્વ સ્થિતિ ભૂલી જાય તેવી દવા તેને પાવામાં આવી હતી.

એ જાગ્યો ત્યારે તેને કંઈ જ યાદ ન આવ્યું.

"ઓહ ! રોહિણીકુમાર ! અમારા દેવ ! અમે તમારું સ્વાગત કરીએ છીએ" સુંદર સ્ત્રીઓએ તેને ફૂલથી વધાવ્યો.

રોહિણી આ કશું જ સમજી શકતો ન હતો.

"દેવ ! તમે જરા એ તો કહો કે તમે શું પુણ્ય કર્યું હતું કે તમને આ સ્વર્ગ મળ્યું ?

રોહિણીએ એના મનને ઢંઢોળી જોયું. શું થઈ રહ્યું છે એ સમજવા એણે પ્રયત્ન કર્યો. ઝાંખું ઝાંખું યાદ આવવા લાગ્યું. ગઈ કાલે તો એ રઝળતો હતો. પકડાઈ ના જાય તે માટે ભાગતો હતો. અને આજે આ રૂપસુંદરીઓ ક્યાંથી ? આ મંગલ ને મધુરાં સૂત્રો ક્યાંથી ?

એ સમજી ગયો પોતે પકડાઈ ગયો છે. પોતાને બનાવવાની આ વાતો થઈ રહી છે. જરૂર દાળમાં કંઈક કાળું છે.

ત્યાં તો પેલા શબ્દો યાદ આવ્યા, "દેવોની ફૂલમાળા કદી કરમાતી નથી તેઓ જમીનથી અદ્ધર રહે છે." અને આ બધા જમીન પર ચાલે તેમની ફૂલમાળા પણ ચુંથાયેલી છે. આ એક

કીમ જ છે.

એણે ઘણી કુશળતાથી પુણ્યનો હિસાબ રજુ કર્યો. પોતે રોજ મંદિરે જતો હતો. ભગવાનની સાંજ સવાર પ્રાર્થના કરતો હતો. ગરીબોને દાન આપતો હતો. રોગીઓની સેવા કરતો હતો વગેરે વગેરે ઘણા પુણ્યના કામો એણે ગણી બતાવ્યા.

મંત્રીરાજ અભય તેમની આ તપાસમાં નિષ્ફળ ગયા. રોહિણી છુટી ગયો.

અને હા. ખરેખર એ છુટી ગયો. એ વિચારવા લાગ્યો. ભગવાનના એક જ વાક્યે આજ હું છુટી ગયો. જો એ મને ખ્યાલ ન હોત તો આજ હું કેદખાનામાં સબડતો હોત. ઘંટી પીસતો હોત. કોરડાનો માર ખાતો હોત. પથ્થર પર સૂતો હોત. આવું આવું ઘણું મારે સહન કરવું પડત પણ હું એ એકજ વચનથી બચી ગયો.

એક વાક્યે જો આટલું કામ કર્યું તો એમને રોજ સાંભળું તો ? ઓહ ! તો તો ઉદ્ધાર જ થઇ જાય.

એ ભગવાનની વાણી સાંભળવા ગયો અને એ વાણીએ જાદુ કર્યો. એનો અંતરઆત્મા જાગી ઉઠયો. પોતાના જીવનનો એને વિચાર આવ્યો. પોતાના ધંધા પર એને વૈરાગ્ય આવ્યો. સંસારની અસારતા એને સમજાવા માંડી. આ બધું કરીને અંતે શું ? એ સવાલે એની જીંદગી હચમચાવી નાખી.

અને કોઇથીય ન પકડાય એ ભગવાનથી પકડાઇ ગયો. એ વીર પાસે આવ્યો. ચોરીની કબૂલાત કરી. મંત્રી અભય રાજા પાસે બધા ગુન્હાનો એકરાર કર્યો અને પોતે કેવી રીતે છટકી ગયો એ બધું જ બતાવી દીધું.

અને રોહિણો ચોર મટી સાધુ બની ગયો.... જીવનમાં કાંઇ કશું ન કરી શકયું તે પેલા એક નાના વાક્યથી બની ગયું. એક જ અણસાર થયો અને જીંદગી ...ઠી થઇ ગઇ.

એક સમયની વાત છે. રસ્તા પર ધૂળના ગોટે ગોટા ઉડી રહ્યા હતા. દૂતોએ આવીને સમાચાર આપ્યા કે, શાહબુદ્દીન ઘોરી મોટા લશ્કર સાથે આવી રહેલ છે.

પ્રધાન વિચારમાં પડી ગયો 'પૂર વેગે લશ્કરને આવા પહોંચતાં શું વાર હવે શું કરવું ? ' તેણે તુરતજ લશ્કરને તૈયાર થવાનો હુકમ આપ્યો, પરંતુ રાજાને કેવી રીતે ખબર આપવા ? એ પ્રશ્ન પ્રધાન પાસે ખડો થયો. રાજાનો કડક હુકમ હતો કે રાજાને લગતા કોઇ સમાચાર મને આપવા નહી કે મારા રસમાં ભંગ પડાવવો નહીં.

રાજા પાસે સંદેશો પહોંચાડવાની કોઇની હિંમત ચાલી નહિં. સમય પસાર થઇ રહ્યો હતો. એક એક સેકન્ડની આ સંજોગોમાં કિંમત હતી. એક ક્ષણ પણ રાજાને ખબર આપવામાં વિલંબ થાય તો ખતરનાક હતું.

છેવટે રાજબારોટે બીડું ઝડપ્યું. તે ગયો બગીચામાં. જ્યાં રાજમહેલમાં પૃથ્વીરાજ ચોહાણ ભોગમાં મસ્ત હતા. બગીચામાં જઇને તેણે તો દુહો લલકાર્યો :

'અલી કલીમેં છૂપ રહ્યો આગે કયું હેવાલ !'

આ છેલ્લા શબ્દ પૃથ્વીરાજ ચોહાણને કાને પડયા અને તેઓ ચોંકયા. ' આ તો રાજબારોટ લાગે છે. એ કદી અમથાં વેણ કાઢે નહીં. રાજબારોટ અને તે પણ બગીચામાં. આ દુહો લલકારવામાં કંઇ પણ પ્રયોજન હોવું જોઇએ. તેમણે તુરતજ બારોટને બોલાવવાનો હુકમ કર્યો. પૃથ્વીરાજ ચૌહાણે પૂછ્યું, "બોલો રાજકવિ ! આજે બગીચામાં પધારવું કેમ થયું ? અને આ દુહો લલકારવા પાછળ શું પ્રયોજન છે ?

રાજકવિએ પ્રત્યુત્તર વાળ્યો, " રાજન ! એ તો ફરતો ફરતો અહીં આવી ચઢયો. સાંજ પડવા આવી છે અને આ ભમરાઓને જોઇ મેં દુહો લલકાર્યો કે આ ભમરાઓ ફુલનો રસ ચૂસવામાં મસ્ત છે. પરંતુ સાંજ થશે અને કમળના ફુલની પાંખડી બિડાઇ જશે ત્યારે તેમના શા હવાલ થશે ! તેની ભમરાઓને કયાં ખબર છે ?

આ વાત રાજાને ગળે ન ઉતરી; તેણે કહ્યું.

' રાજકવિ રહસ્ય વિન વેણ ન ઉચ્ચારે; માટે જેવું હોય તેવું વિના સંકોચે કહી દો. '

રાજાએ બહુ કહ્યું ત્યારે કવિરાજ મૂળ વાત પર આવ્યા. 'સાંબ ખરી વાત સાંભળવી છે ? તો સાંભળી લો. શાહબુદ્દીન ઘોરી મોટા લશ્કર સાથે આવી રહેલ છે; આ સમાચાર સાંભળી મને થયું કે જેવી આ ભમરાઓની દશા સાંજ પડતાં થશે તેવી દશા તમારી થવાની છે; અત્યારે તમે ભોગમાં મસ્ત છો. રાજ્યમાં શું બની રહ્યું છે તેની તમને ખબર નથી. શાહબુદ્દીન ઘોરી આવી ચડશે ત્યારે રાજની શી દશા થશે, એ સંદેશો આપવા અહીં આવ્યો છું.'

' અલી કલામે છૂપ રહો, આગે કયુ હેવાલ ! ' એ એક જ ચિનગારીએ પૃથ્વીરાજ ચોહાણની ઊંઘ ઉડાડી દીધી તે જ ક્ષણે એ પગથિયા ઉતરીને નીચે આવ્યા. તુરત જ સામનો કરવાની તૈયારી કરવા માંડી અને શાહબુદ્દીન ઘોરીને હરાવ્યો.


રૂા. ૧૦-૦૦ વાર્ષિક લવાજમ ભરી આજેજ ગ્રાહક તરીકે આપનું નામ નોંધાવશો. પોસ્ટ ખર્ચ જુદું.
ઘર, લાયબ્રેરી, ભેટ, લહાણીને યોગ્ય સાહિત્ય

ચાર
વર્ષમાં પુસ્તકોની ચતુર્મુખી ગંગા
વહેવડાવનાર સસ્તી ને સંસ્કારી ગ્રંથમાળા

**શ્રી જીવન–મણિ**

**સદ્વાચનમાળા ટ્રસ્ટ**

ન સાવ શુષ્ક સાહિત્ય
ન સાવ અપરસ સાહિત્ય
સર્વરસમયું—નીતિબોધભર્યું
**ઘર, લાયબ્રેરી, ઇનામ, ભેટને યોગ્ય**
**રૂપકડું સાહિત્ય**

—: લખો :—

**શ્રી જીવન–મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ**
હઠીભાઇની વાડી સામે, દિલ્હી દરવાજા : **અમદાવાદ.**



## નવાં બે પ્રકાશનો:–

**૧ સચિત્ર શ્રી શ્રીપાળ રાસ**—(૪૦ ફારમનો પૂજાઓ ઉજમણાવિધિ વિ. થી **ભરપૂર**) લૉલ કલૉથ બાઇન્ડીંગ આકર્ષક જેકેટ સાથે કિ રૂ. ૭-૫૦.

**૨ ૨૧૭ ચિત્રોની પ્લેટોવાળો ચિત્રમય શ્રીપાળ રાસ**
પંચરંગી બ્લોકના જેકેટ અને કલામય બોક્ષ સાથેના દળદાર ગ્રંથ કિં. રૂ. પચીશ

**પાંચથી વધુ નકલ મંગાવનારને કમિશન આપવામાં આવશે.**

પત્ર વ્યવહારનું સરનામું—૧ પં. **છબીલદાસ કેશરીચંદ સંઘવી**
દાદાસાહેબ પોળ—**ખંભાત.**
૨ **શ્રી જશવંતલાલ ગિરધરલાલ**
૩૦૯/૪ દોશીવાડાની પોળ—**અમદાવાદ.**

**ઉપરોક્ત બંને સ્થળેથી—**

**શ્રી કલ્પસુત્ર બેમશાહી** કિ. રૂા. ૨૨, **શ્રી પૂજા સંગ્રહ** ૧૧ ભાગ રૂા. ૭-૫૦, **પ્રતિષ્ઠા કલ્પ ભા. ૧ લો** (અલભ્ય) રૂા. ૧૦, **પ્રતિષ્ઠા કલ્પ ભા. ૨ જો** રૂા. ૫, **અઢાર અભિષેકવિધિ** (અલભ્ય) ૦ ૮૭ તેમ ૪ **૧૯ મુદ્રાઓ** તથા **ચ્યવન જન્મ અંજનના આર્ટ** કાર્ડ ઉપરના ફોટાઓ, **નંદાવર્ત** કાપડપટ્ટ કાગળ ટ. **વીશ સ્થાનક** આર્ટપટ્ટ, કાગળપટ્ટ. **શાન્તિ સ્નાત્રાદિની વસ્તુઓની યાદી.** વિ. સાહિત્ય પ્રતિષ્ઠા આદિ વિધિઓમાં ઉપયોગી સાહિત્ય માટે ઉપરનું સરનામું અવશ્ય યાદ રાખો.

# શાસન સમાચાર

## ભવ્ય સમારોહ

### પાટણ

શ્રી અધ્યાત્મજ્ઞાન દીવાકર કર્મયોગી શ્રીમદ્ બુદ્ધિસાગરજીના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ શ્રી આચાર્ય દેવેશ ૧૦૦૮ શ્રી કિર્તીસાગર સૂરિશ્વરજી મ. સા., પન્યાસ પ્રવરશ્રી મહોદયસાગરજી મ. સા, પૂ. દુર્લભસાગરજી મ. સા., પૂ. સુરેન્દ્રસાગરજી મ. સા., શ્રી ત્રૈલોક્યસાગરજી, પૂ. શ્રી રમણિકવિજયજી મ. સા. આદિઠાણા તેમજ પ્રવર્તિની સાધ્વીજી મ. શ્રી રતિશ્રીજી, મંજુલાશ્રીજી, શ્રી મયણાશ્રીજી આદિઠાણાના સાનિધ્યમાં અણહિલપુર પાટણનગરે લખીયારવાડામાં પ્રાતઃસ્મરણીય શ્રી સીમંધર સ્વામિના જિનપ્રસાદે ભવ્ય એવો પ્રતિષ્ઠા સ્થાપન મહોત્સવ વૈશાખ સુદ ૧૫ના રોજ રવિવાર તા. ૩૦–૪–૬૧ના કલ્યાણ મૂહુર્તે ઉજવાયેલ.

શ્રી સીમંધર સ્વામીનો જિનપ્રસાદ મૂળમાંથી નવેસર કરી તેમાંથી પુનઃ પ્રતિષ્ઠા કરીને જિનાલયમાં શાસન રક્ષક શ્રી ઘંટાકર્ણ મહાવીરની અલૌકિક મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. જિનપ્રસાદના આ સ્થાપત્ય પાછળ લગભગ એકાદ લાખનો ખર્ચ થવા પામેલ, આ ખર્ચને મેળવી આપવામાં મુંબઇ નિવાસી શ્રી પનાલાલ બી. શાહ (જે. પી.)એ ખૂબજ પરીશ્રમ લીધો હતો. અને ભવ્ય એવા એ પ્રસાદના કામકાજની સંપૂર્ણ જાત દેખરેખ શ્રી અંબાલાલભાઇ નગીનદાસ ધૂસાએ રાખી હતી.

પ્રતિષ્ઠા સ્થાપનના આ મહામૂલા મહોત્સવ નિમીત્તે બૃહદ્ સિધ્ધચક્ર મહાપૂજન, બૃહદ્ અષ્ટોત્તરી સ્નાત્ર, શાંતિસ્નાત્ર, અઠ્ઠાઇ મહોત્સવ, ભાવના વ. ઘણાજ ઠાઠમાઠથી કરવામાં આવેલ. શાંતિસ્નાત્રનો વરઘોડો પણ ખૂબજ મોટો અને જૈનો અને જૈનેતરોની ભારે જનમેદનીની ભીડપૂર્વક ચડયો હતો.

ધર્મના આ માંગલિક અવસરને શાસ્ત્રીય રીતે સફળ બનાવવા માટે વિજાપુર નિવાસી શ્રી ભીખાભાઇ કાળીદાસ દોશી, સાણંદ નિવાસી શ્રી હસમુખભાઇ ગોવિંદજી મહેતા, શ્રી કાંતિલાલ રાયચંદભાઇ મહેતા, અમદાવાદ નિવાસી શેર દલાલ શ્રી લાલભાઇ ફુલચંદભાઇ વીયા, શ્રી જશવંતલાલ ગીરધરલાલ શાહ અને "બુદ્ધિપ્રભા"ના માનવંતા તંત્રી શ્રી છબીલદાસ કેસરીચંદ પંડિત તથા તેમના સુપુત્ર શ્રી યશવંતભાઇ અત્રે પધાર્યા હતા. અને સારાય સમારંભને સંગીતના સુમધુર સ્વરોથી ભાવના સભર કરનાર મુંબઇથી શ્રી દેવેન્દ્રકુમાર પધાર્યા હતા. આ ઉપરાંત શ્રી મનુભાઇ આદિ ભાઇઓએ પણ ખૂબ જ રસ લઇ આ સમારોહને ભારે ઉત્સાહથી સફળ બનાવ્યો હતો, તેમજ પ્રસાદમાં પ્રભુ મૂર્તિઓનાં પ્રતિષ્ઠાપનમાં નીચેના ભાઇઓએ લાભ લીધો હતો.

શ્રી સીમંધર સ્વામી– શ્રી ચુનીલાલ ઉત્તમચંદ વોરા
( મૂળ નાયક )
શ્રી મહાવીર સ્વામી– શ્રી લક્ષ્મીચંદ નગીનદાસ
શ્રી શીતલનાથ સ્વામી–,, ચુનીલાલ ઉત્તમચંદ વહોરા
શ્રી પાર્શ્વનાથ ભગવાન–,, કાંતિલાલ મણીલાલ
શ્રી વાસુપૂજ્ય સ્વામી–,, મુળચંદભાઈ લલ્લુચંદ
ધ્વજાદંડ રોપણ–,, અંબાલાલ નગીનદાસ ધૂસા
કલશ રોપણ–,, કાંતિલાલ મણીલાલ
શાંતિ કળશ–,, મહેરચંદ જોઇતારામ
શ્રી ઘંટાકર્ણ મહાવીર–,, અંબાલાલ નગીનદાસ ધૂસા

અને પ્રસાદનું ઉદ્ઘાટન શ્રી સૂર્યાબેન બાબુલાલે કર્યું હતું.

પ્રતિષ્ઠા સ્થાપનાનો આ મંગલ અવસર ભારે ઉમંગ અને ઉલ્લાસથી પવિત્ર વાતાવરણમાં શરૂ થયો

હતો અને ખૂબ જ શાંતિ ને વ્યવસ્થીત રીતે ઉમળકા ભેર પૂર્ણ થવા પામ્યો હતો. જુદા જુદા કાર્યક્રમોની વ્યવસ્થા જાળવવા માટે અત્રેના યુવાન ભાઈઓએ ખૂબજ સુંદર કામગીરી બજાવી હતી પાટણ આંગણે ઉજવાયેલ આ ભવ્ય સમારોહ એક અનોખો યાદ મૂકી જાય તેવો બન્યો હતો.

પાટણ રાજકાવાડા શ્રી. અજીતનાથ પ્રસાદે

**— અષ્ટાહ્નિકા મહોત્સવ —**

પાટણ નિવાસી શા. દીપચંદભાઈ મયાચંદ તરફથી તેઓનાં માતુશ્રીનાં સ્મરણાર્થે પુજ્યપાદ પ્રશાન્તમૂર્તિ આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજી તથા પંન્યાસપ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્યાદિ ઠાણાઓની સાન્નિધ્યતાએ વૈશાખ વદી ૫ થી વૈશાખ વ ૧૩ સુધી સારી રીતે ઉજવાયેલ છે. જે નિમીત્તે પેંડા વાગેરેની પ્રભાવના આંગી વિગેરે થવા પામેલ તેનો ભકિતભાવનાભર્યો કાર્યનો લાભ શા. હીરાલાલ લલ્લુભાઈએ લીધેલ છે.

---

શ્રી ગઢ જૈન સંઘની ભાવભરી વિનંતીનો સ્વીકાર કરતાં પૂ પ્રશાંતમૂર્તિ શ્રીમદ્ આચાર્યદેવેશ શ્રી કીર્તિસાગર સુરિશ્વરજી મ. મૂ. પં. પ. શ્રી મહોદયસાગરજી આદિ શિષ્ય પરિવાર આ ચોમાસુ ગઢમાં કરશે. જેઠ સુદ બીજના અત્રે એક કુમારીકાની દીક્ષા હોવાથી થોડા દિવસ તેઓ સૌ અત્રેજ સ્થિરતા ધારણ કરશે.

### મુંબઈ

અત્રે પૂ. પં. પ્ર. શ્રી સુબોધસાગરજી આદિ શિષ્ય પરિવાર મલાડમાં ચાતુર્માસ નિમિત્તે વિહાર કરી પધાર્યા છે.

પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી કૈલાસસાગરજી આદિ ઠાણા માટુંગા ચાતુર્માસ નિમિત્તે પધારશે.

### મોટીવાવડી

મોટીવાવડી (પાલીતાણા) ગામે ગતવર્ષમાં શાંતિસ્નાત્ર–ઓચ્છવ થયેલ તેને વર્ષ પૂર્ણ વૈશાખ સુદિ ૧૩ના થતાં બુદ્ધિ–તિલકવિજયના પંન્યાસજી ભુવનવિજયજી મ. સાહેબ તથા મુનિશ્રી મહિમાવિજયજીને વિનંતિ કરતાં પાલીતાણાથી પધારેલા. તેરશના દિવસે પૂજા, આંગી, ભાવના અને નવકારશી ખૂબજ સારી રીતે થયેલા.

ચૌદશના દિવસે પંન્યાસજીએ સવા લાખ નવકાર મંત્રનો સમૂહ જાપ આયંબિલ કરાવવા વિચાર રજુ કરતાં સંઘની શાંતિ અર્થે અપુર્વ લાભ તેજ દિવસે સૌએ લીધો અને ૪૧ આયંબિલ અને સવાલાખ નવકાર મંત્રનો જાપ સમૂહમાં નાના એવા ગામમાં થયો. આયંબિલ કરનારાઓને જસરાજ રણછોડ તરફથી પ્રભાવના કરેલી.

---


## જાહેર ખબરના ભાવ

| | વાર્ષિક | છ માસિક | ત્રિમાસિક | માસિક |
|---|---|---|---|---|
| ટાઇટલ પેજ ચોથુ:- | ૩૨૫ | ૧૭૫ | ૧૦૦ | ૩૫ |
| " પેજ ત્રીજું :— | ૨૫૦ | ૧૩૦ | ૭૦ | ૨૫ |
| ૧ પેજ | ૧૭૫ | ૧૦૦ | ૬૦ | ૨૦ |
| ૧/૨ પેજ | ૧૦૦ | ૬૦ | ૩૫ | ૧૫ |
| ૧/૪ પેજ | ૬૦ | ૩૫ | ૨૦ | ૮ |
| ૧/૮ પેજ | ૩૫ | ૨૦ | ૧૨ | ૫ |

વધુ વિગત માટે લખો :—

**શ્રી. તંત્રીઓ, "બુદ્ધિપ્રભા" કાર્યાલય,**

**C/o શ્રી જશવંતલાલ ગીરધરલાલ શાહ**

૩૦૬/૪ ખત્રીની ખડકી,

દેશીવાડાની પોળ, **અમદાવાદ**

## શા. કેશવલાલ હકમચંદની શુભ પ્રેરણાથી

### ત્રિવાર્ષિક

૧ શ્રી. કપૂરચંદ ઉમેદચંદ — કાંદીવલી

### વાર્ષિક

૧ શ્રી. કેશવલાલ હકમચંદ — મુંબઇ ૨
૨ ,, ડાહ્યાલાલ મફતલાલ — ,,
૩ ,, પોપટલાલ મોહનલાલ — ,,
૪ ,, જેસંગલાલ ચોથાલાલ — ,,
૫ ,, દીનેશચન્દ્ર રમણલાલ — ,,
૬ ,, જે. પ્રાગજી એન્ડ કું૦ — ,,
૭ ,, ચીમનલાલ મણીલાલ — ,,
૮ ,, માણેકલાલ ધરમચંદ — મુંબઇ-૩
૯ ,, ચંદુલાલ કેશવલાલ — મલાડ
૧૦ ,, બાબુલાલ રતનચંદ — ,,
૧૧ ,, જયંતીલાલ ફુલચંદ — ,,
૧૨ ,, મહાસુખલાલ ચુનીલાલ — ,,
૧૩ ,, છગનલાલ અંદરજી — કાંદીવલી
૧૪ ,, રમણલાલ કેશવલાલ — ,,
૧૫ ,, ગોરધનદાસ ચુનીલાલ — ,,
૧૬ ,, નટવરલાલ રૂપચંદ — ,,
૧૭ ,, રમણલાલ રતીલાલ — ,,
૧૮ ,, અમૃતલાલ ત્રીકમલાલ — ,,
૧૯ ,, હરીચંદ કસ્તુરચંદ — ,,
૨૦ ,, રમણલાલ ચંદુલાલ — ,,
૨૧ ,, શાન્તિલાલ મણીલાલ — ,,
૨૨ ,, અનોપચંદ માણેકચંદ — ,,
૨૩ ,, બાપુલાલ મનસુખલાલ — ,,
૨૪ ,, લલ્લુભાઈ ભોગીલાલ — ,,

## શ્રી. પ્રવીણચન્દ્ર છોટાલાલની શુભ પ્રેરણાથી અમદાવાદ ( રાજનગર )

( ગયા અંકથી ચાલુ )

### ત્રિવાર્ષિક

૧ શ્રીમાન મણીલાલ કાળીદાસ — સાબરમતી

### વાર્ષિક

૧ શ્રી ચંદુલાલ કેશવલાલ — સાબરમતી
૨ ,, મગનલાલ ગણપતરામ — ,,
૩ ,, ચીમનલાલ હેમચંદ — ,,
૪ ,, ચુનીલાલ મણીલાલ — ,,
૫ ,, કચરાભાઈ ઉમરચંદ — ,,
૬ ,, અમૃતલાલ પાનાચંદ — ,,
૭ ,, જયંતીલાલ વાડીલાલ — ,,
૮ ,, રસીકલાલ સોમચંદ — ,,
૯ ,, ચંપકલાલ ભોગીલાલ — ,,
૧૦ ,, રમણીકલાલ મણીલાલ — ,,
૧૧ ,, કાન્તીલાલ સોમચંદ — ,,
૧૨ ,, શશીકાન્ત ચીમનલાલ — ,,

## પરીખ ભોગીલાલ ચીમનલાલની શુભ પ્રેરણાથી—

### પંચવર્ષિય

૧ પરીખ ભોગીલાલ ચીમનલાલ — પારલા
૨ શ્રી. કેશવલાલ માણેકચંદ — મહેસાણા
૩ ,, વસંતલાલ નાનાલાલ — ,,
૪ ,, શીવન્તીલાલ પોપટલાલ — ,,
૫ ,, ચંદુલાલ ચુનીલાલ હરડે — ,,
૬ ,, પ્રભાસચંદ્ર પન્નાલાલ — ,,
૭ ,, રમણલાલ ધરમચંદ — ,,
૮ ,, બાબુલાલ ચીમનલાલની કું. — ,,
૯ પરીખ ઉત્તમલાલ ત્રીકમલાલ — ,,
૧૦ વકીલ ચન્દ્રકાન્ત ડાહ્યાભાઈ — ,,

### દ્વિવાર્ષિક

૧ શ્રી. ભોગીલાલ અમથાલાલ — ,,

### વાર્ષિક

૧ શ્રી કાન્તીલાલ કંકુચંદ — ,,
૨ ,, વકીલ શાન્તિલાલ મનસુખરામ — ,,
૩ શ્રી કેશવલાલ કેવળદાસ — ,,
૪ ,, કાન્તિલાલ મુળચંદ — ,,
૫ ,, નરોતમદાસ ઉત્તમચંદ — ,,
૬ ,, જયંતીલાલ કરશનદાસ — ,,
૭ ,, વ્રજલાલ મોહનલાલ — ,,
૮ ,, મુલચંદભાઈ મોહનલાલ — પાંચોટ

# શુભ નામાવલી

## પંચવર્ષિય

| | | |
|---|---|---|
| ૧ | ઝવેરી માણેકલાલ નિહાલચંદ | મુંબઈ—૨ |
| ૨ | શ્રી જૈન સંઘ | ખોડલા |
| ૩ | શ્રી નટવરલાલ વાડીલાલ | ખંભાત |
| ૪ | શ્રેષ્ઠ ચન્દ્રકાન્ત ઉજમસીભાઈ | મુંબઈ—૭ |
| ૫ | શ્રી. પ્રેમચંદ દલસુખભાઈ | અમદાવાદ |
| ૬ | ,, ચંદુલાલ નગીનદાસ | સુરત |
| ૭ | ,, જયંતીલાલ સોમચંદ | અમદાવાદ |
| ૮ | ,, નટવરલાલ અંબાલાલ | ,, |
| ૯ | ,, પોપટલાલ કસ્તુરચંદ | ,, |
| ૧૦ | ,, નાનાલાલ ડાહ્યાલાલ | ,, |
| ૧૧ | ,, વીમલભાઈ બાલાભાઈ | ,, |
| ૧૨ | ,, વીરચંદ બાલાભાઈ | ,, |
| ૧૩ | ,, ચુનીલાલ મયાચંદ | ,, |
| ૧૪ | ,, ઈશ્વરલાલ નિહાલચંદ પેથાપુરવાળા | ,, |
| ૧૫ | ,, ડાહ્યાલાલ ભાઈચંદભાઈ | અમદાવાદ—૨ |
| ૧૬ | ,, રસીકલાલ માણેકલાલ | ,, |
| ૧૭ | ,, રમણલાલ મણીલાલ | ,, |
| ૧૮ | ,, વાડીલાલ તારાચંદ | ,, |
| ૧૯ | ,, રતીલાલ ડાહ્યાભાઈ ખંભાતવાળા | ,, |
| ૨૦ | શ્રી. સાંકલચંદ લલ્લુભાઈ પ્રાંતીજવાળા | નડિયાદ |
| ૨૧ | ,, ઉગરચંદ પીતાંબરદાસ | અમદાવાદ |
| ૨૨ | ,, શાન્તિલાલ ભુધરભાઈ | ,, |
| ૨૩ | ,, મણીલાલ હીરાચંદભાઈ | ,, |
| ૨૪ | ,, મણીલાલ કાલીદાસ | ,, |
| ૨૫ | ,, મણીલાલ કચરાભાઈ | અમદાવાદ-૭ |
| ૨૬ | " ચીનુભાઈ ભોલાભાઈ ઝવેરી | અમદાવાદ |
| ૨૭ | " ચીમનલાલ સુખલાલ | ,, |
| ૨૮ | " મનસુખલાલ લલ્લુભાઈ | ,, |
| ૨૯ | " મનુભાઈ મોહનલાલ | બીલાવર |
| ૩૦ | " કાન્તિલાલ સી. પરીખ | મુંબઈ—૪ |
| ૩૧ | " કેશવલાલ છમનલાલ | કતીપુર |
| ૩૨ | " કેશવલાલ ગોપાલદાસ | કરોલી |
| ૩૩ | " ભીખાલાલ ડાહ્યાભાઈ | ગીરમઠા |

## ત્રિવાર્ષિક

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ઇન્દુવદન ચન્દ્રકાન્ત | કલકત્તા |
| ૨ | ,, ફકીરચંદ મગનલાલ | અમદાવાદ |
| ૩ | ,, કાન્તિલાલ ઝવેરચંદ | ,, |
| ૪ | ,, ભાવસાર બાબુલાલ ત્રીભોવનદાસ | ,, |

## દ્વિવાર્ષિક

| | | |
|---|---|---|
| ૧ | શ્રી. ડાહ્યાલાલ કસ્તુરચંદ | ,, |
| ૨ | ,, માણેકલાલ ચુનીલાલ સેક્રેટરી | ,, |
| ૩ | સંઘવી મફતલાલ વીરચંદભાઈ | , |
| ૪ | વૈદરાજ સાંકલચંદ ચુનીલાલ ખેડાવાળા | ,, |
| ૫ | શેઠ ગીરધરલાલ અમીચંદ | સાવરકુંડલા |
| ૬ | ડૉ. મોહનલાલ જગજીવનદાસ | જંબુસર |
| ૭ | શ્રી મણીલાલ છોટાલાલ | ,, |
| ૮ | ,, વીરેન્દ્ર ભોગીલાલ | અમદાવાદ |
| ૯ | ,, રમણલાલ ગોવર્ધનદાસ | બોડેલી |
| ૧૦ | ,, મંગળદાસ ડાહ્યાભાઈ | અમદાવાદ |
| ૧૧ | ,, અનંતરાય અનોપચંદ | ભાવનગર |
| ૧૨ | ,, સોમચંદ કસ્તુરચંદ | મીયાંગામ |
| ૧૩ | ,, મફતલાલ મોતીલાલ | સામી |
| ૧૪ | ,, ગુણવંતલાલ એમ. શાહ | ચમાર |
| ૧૫ | ,, અભેચંદ દીપચંદ | ગંધાર |
| ૧૬ | ,, લાલચંદ ચુનીલાલ | સાથલી |
| ૧૭ | ,, મહાસુખલાલ મુલચંદભાઈ | ધમીજ |

## વાર્ષિક

| | | |
|---|---|---|
| ૧ | વકીલ મુલચંદ નગીનદાસ | જંબુસર |
| ૨ | શ્રી. ચંદુલાલ જમનાદાસ | ,, |
| ૩ | ,, ચીમનલાલ કાળીદાસ આમોદવાળા | ,, |
| ૪ | ,, સોમચંદ સકલચંદ ખંભાતવાળા | ,, |
| ૫ | ,, શચીન્દ્રભાઈ ડાહ્યાલાલ | ,, |
| ૬ | ,, અંબાલાલ કરમચંદ | ,, |
| ૭ | " ગમતીલાલ નગીનદાસ | ,, |
| ૮ | " અંબાલાલ છોટાલાલ | ,, |
| ૯ | " અમૃતલાલ સંઘવજીભાઈ | ,, |
| ૧૦ | " ઠાકોરલાલ નગીનદાસ | ,, |
| ૧૧ | મહેતા ડુંગરસીભાઈ મુલજીભાઈ | ,, |
| ૧૨ | વકીલ છગનલાલ વમલચંદ | ,, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩ | શ્રી. હેમચંદ નગીનદાસ | કોરા | ૨૪ | શ્રી મોહનલાલ કપુરચંદ | વડાદરા |
| ૧૪ | ,, ચંદુલાલ હરગોવિંદદાસ | કાંદીવલી | ૨૫ | ” ચીમનલાલ સોમચંદ | ” |
| ૧૫ | ” માણેકલાલ કચરાભાઈ | અમદાવાદ | ૨૬ | ” રતીલાલ મગનલાલ | ” |
| ૧૬ | ” શાન્તિલાલ પરસોતમદાસ | ” | ૨૭ | ” કાન્તિલાલ મુલચંદભાઈ | ” |
| ૧૭ | ” કેશવલાલ દલસુખભાઈ | ” | ૨૮ | ” શાન્તિલાલ સકરચંદ | ” |
| ૧૮ | ” મોહનલાલ છગનલાલ | આમોદ | ૨૯ | ” પોપટલાલ અમૃતલાલ | ” |
| ૧૯ | પંજાબી ગુરૂપ્રસાદ રંગીલા જૈન | ભીવાની | ૩૦ | ” હીરાલાલ લાલચંદ | ” |
| ૨૦ | દોશી નવીનચંદ્ર મણીલાલ | મુંબઈ—૨ | ૩૧ | ” ભોગીલાલ પોપટલાલ | ” |
| ૨૧ | દોશી વાડીલાલ ભગવનજી | રાજકોટ | ૩૨ | ” શાન્તિલાલ હરગોવનદાસ | ” |
| ૨૨ | શ્રી. ચુનીલાલ મગનલાલ | બોરસદ | ૩૩ | ” હીરાલાલ હરગોવનદાસ | ” |
| ૨૩ | , ચીમનલાલ પ્રાણલાલ | વીરસદ | | | |



સ્વેચ્છાએ સ્વીકારેલું દુઃખ એટલે તપ.

★

હું તો અકિંચન છું નાથ ! તારા મંદિર બંધાવવાના એ પૈસા ક્યાંથી લાવું ? આથી તો મેં મારા જીવનને જ મંદિર બનાવવાનું નક્કી કર્યું છે. મારા અંતરના ગભારામાં તારી પ્રતિષ્ઠા કરીશ અને રોજ તારા પર ભાવનાના કળશ કરીશ. ઊર્મિના શીતળ ચંદનથી તારી રોજ પુજા કરીશ. મારા ચારિત્ર્યની આરતી ઉતારીશ. બોલ મારા પ્રભો ! તું મારા એ જીવન મંદિરના હૃદય સિંહાસન પર બિરાજીશ ને ?

★

પથ્થર અને ફુલ એ તો મારા આદર્શના પ્રતીક છે. એ બન્ને જેટલા મહાન અને ભવ્ય પદાર્થ મેં બીજા કોઈ જોયા નથી. પથ્થર ભગવાન બને છે. ફૂલ એના ચરણકમળ પાસે બેસે છે. દેવતા ! મારા, કાં મને પથ્થર બનાવજે કાં ફુલ બનાવજે.

—મૃદુલ

## * "બુદ્ધિપ્રભા" ના માનદ્ પ્રારકો *

૧ નાનાલાલ હીરાલાલ એન્ડ કું. એડન કેમ્પ

૨ સેવંતીલાલ ચીમનલાલ દાણી
૪૦/–અરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા.

૩ રમણીકલાલ ચીમનલાલ દાણી. D. M. E.
જૈન સોસાયટી, પ્લોટ નં. ૧ ૭ બીજેમાળે, મુંબઇ–૨૨

૪ નાનાલાલ ચીમનલાલ
શાહપુરી પેઠ, કોલ્હાપુર (મહારાષ્ટ્ર)

૫ જયંતીલાલ લલ્લુભાઇ દલાલ, ૫૨–ચંપાગલી, મુંબઇ–૨

૬ રજનીકાન્ત ગીરધરલાલ
૫૫-શરીફ દેવજી સ્ટ્રીટ, ચોથે માળે, મુંબઇ-૩

૭ દાણી પોપટલાલ લક્ષ્મીચંદ
૬૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩

૮ ચંદુલાલ જે. શાહ ખંભાતવાળા
૬૩/૬૭ ચકલા સ્ટ્રીટ, બીજે માળે, મુંબઇ-૩

૯ રમણીકલાલ ગીરધરલાલ, ખેતવાડી મેઇનરોડ,
કૃષ્ણભવન, યુનીઅન હાઇસ્કુલ સામે, મુંબઈ–૪

૧૦ ગણેશ પરમાર
લ્હેરી મેનશન, કમલટોકીઝ સામે, મુંબઇ ૪

૧૧ શાંતિલાલ કેશવલાલ. દેવશાના પાડાની બહાર,
અનિલ વિલાસ, ત્રીજે માળે, અમદાવાદ.

૧૨ પ્રકાશ જૈન ગારીઆધારકર
અહિંસાભવન, નગરશેઠનો વંડો, અમદાવાદ.

૧૩ અમૃતલાલ સકરચંદ
રતનપોળ, ઝવેરીવાડમાં આંબલીપોળ. અમદાવાદ.

૧૪ ચંદુલાલ એમ. પરીખ, ગુસા પારેખની પોળ,
દેરાસર પાસેની ખડકીમાં, અમદાવાદ.

૧૫ રતીલાલ કેશવલાલ પ્રાંતીજવાળા
ધના સુતારની પોળ, અમદાવાદ.

૧૬ શ્રી અમલદાસ દીપચંદ, નાગજી ભુધરની પોળ,
દેરાસરવાળો ખાંચો, અમદાવાદ

૧૭ જશવંતલાલ ગીરધરલાલ શાહ
C/o જૈન પ્રકાશન મંદિર, દોશીવાડાની પોળ અમદાવાદ.

૧૮ પ્રવીણચંદ્ર છોટાલાલ
જૈન દેરાસર પાસે, અમદાવાદ-૫ સાબરમતી.

૧૯ નાગરદાસ અમથલાલ (મહુડીવાળા)
૨૧/-જૈન સોસાયટી, એલીસબ્રીજ અમદાવાદ–૭

૨૦ મુનીમ કાન્તિલાલ હઠીસીંગભાઈ
. જૈન દહેરાસરની પેઢી, નરોડા

૨૨ બાબુલાલ ચંદુલાલ, દીપકભુવન, જૈન દેરાસર પાસે
મણીનગર અમદાવાદ-૮

૨૩ સાગરગચ્છ કમીટીની પેઢી, સાણંદ.

૨૪ હસમુખભાઇ ગોવિંદજી મહેતા, સાણંદ

૨૫ પોપટલાલ પાનાચંદ, નવધરી, પાદરા, (જી. વડોદરા)

૨૬ રમણલાલ જેચંદભાઇ, કાપડ બજાર, કપડવંજ

૨૭ હરગોવિંદદાસ સંપ્રીતદાસ (અધ્યાપક)
શ્રી અભયદેવસૂરિ જ્ઞાનમંદિર, કપડવંજ.

૨૮ મનુભાઇ માણેકલાલ, આંત્રોલી.

૨૯ બાપુલાલ મોતીલાલ
વાસણના વહેપારી, કંસારા બજાર, નડીઆદ.

૩૦ શ્રી લલ્લુભાઇ રાયચંદ
C/o ભારત વોચ કું૦ સ્ટેશનરોડ, આણંદ

૩૧ શ્રી ગીરધરલાલ મંગળદાસ
જૈન ભોજનશાળા, માતર

૩૨ હસમુખભાઇ રાયચંદ, શીયાપુર ઘર નં.૧૪૦, વડોદરા

૩૩ પોપટલાલ પાનાચંદ ગાંધી
બજારમાં, ધંધુકા જી. અમદાવાદ)

૩૪ મનુભાઇ ખીમચંદ આંકલાવ

૩૫ ચતુરદાસ ભીખાભાઇ વટાદરા

૩૬ નટવરલાલ માધવજી
જુની દરજી બજાર રાજકોટ

૩૭ નગીનદાસ જસરાજ, જીવનનિવાસ, પાલિતાણા

૩૮ દીનકરરાવ મોહનલાલ, ધોબીશેરી, શિહોર (સૌરાષ્ટ્ર)

૩૯ પારિ ન્યાલચંદ ડાહ્યાભાઈ, શિયાણી લિંમડી થઇ

૪૦ ભોગીલાલ નરોતમદાસ ધોલેરાવાળા
C/o. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી
જૈન દેરાસર, સુરેન્દ્રનગર

૪૧ પટવા રમણલાલ રતીલાલ
આણંદીયાની ખડકી વીરમગામ

૪૨ ભોગીલાલ અમથાલાલ વખારીયા
C/o શ્રીમદબુદ્ધિસાગરસૂરી
જૈન જ્ઞાન મંદિર, વીજાપુર (ઉ. ગુ.)

૪૩ ભોગીલાલ ચીમનલાલ ઉપાશ્રય પાસે, મહેસાણા

જેસંગલાલ લક્ષ્મીચંદ, ગઢ (જી. બનાસકાંઠા)

૪૫ ચીમનલાલ રતનચંદ સાંડસા
રાજપુર ડીસા) જી. બનાસકાંઠા

૪૬ રસિકલાલ નગીનદાસ પાદરાવાળા,
વરસોડાની ચાલ, સાબરમતી, અમદાવાદ-૫

૪૭ મનસુખલાલ અમૃતલાલ કારપટીયારા,
જડાવ અફજીક મહેતાનો ખાંચો.

# "બુદ્ધિપ્રભા" વાંચવાનો આગ્રહ રાખો–

બુદ્ધિપ્રભાએ માત્ર ટૂંકા જ ગાળામાં અપ્રતિમ પ્રગતિ સાધી છે. ધીમે ધીમે પણ એક પછી એક ડગલુ માંડતાં આજ એ મક્કમ પગલાં ભરી રહ્યું છે. માત્ર દોઢ જ વરસના અતિ અલ્પ ગાળામાં જૈનેતર સાહિત્યમાં પણ માગ મૂકાવે એવી વાચનસામગ્રી એ આપે છે.

## ચિંતન કણિકા.... ( લે. મૃદુલ )

જૈન સમાજના બધા જ સામાયિકોમાં એક નવી જ ભાત પડતો આ વિભાગ છે. આકર્ષક ને જોશીલી, કાવ્ય પંક્તિઓ જેવી જ્ઞાનની, વિચારની, ચિંતનની, જીવનની સમજની એવી તેજ કણિકાઓ આ વિભાગમાં નિયમિત આવે છે. ઊઘડતા પાને જ એ વાંચો.

## ગંગાના ઓવારેથી.... ( લે. શ્રીમદ્ બુદ્ધિસાગરજી )

પૂજ્ય ગુરુદેવે એમના જીવનમાં અઢળક સાહિત્યની સર્જના કરી છે. ચિંતનાત્મક ને અભ્યાસી સાહિત્યના અનેક અંગોને એમણે અજવાળ્યા છે. કર્મ, યોગ, ઇતિહાસ, સમાજ-શાસ્ત્ર, પત્રો, ચરિત્ર, ગઝલો વ. અનેકવિધ સાહિત્યાંગોની એમણે સાધના કરી છે. એમની સર્જના એ ગંગાના નીર જેવી પવિત્ર, વહેતી ને નિર્મળ છે. દર અંકે ગુરૂદેવના એ ગંગા-જળનું આચમન કરો.

## ગાતા ફુલ.... ( લે. ગુણવંત શાહ )

જૈન સામાયિકોમાં તદ્દન નવી જ ભાત પાડતો વિભાગ ! ભ. મહાવીરના જીવન પ્રસંગોનું અભિનવ શૈલીથી આલેખન કરતો એક નિરાળો જ વિભાગ ! એક એક પ્રસંગની એવી આકર્ષક ને મનોરમ્ય ગુંથણી થાય છે કે કોઇ ગીત ગણગણીએ તેમ એ ગદ્યગીતો વાંચ્યા જ કરીએ. ઉદાત્ત કલ્પનાઓથી સભર, રસળતી શૈલી અને સંગીત મધુર શબ્દોમાં આ ગાતા ફુલોનું ગાયન જરૂર સાંભળો.

અને આ ઉપરાંત સુંદર વાર્તાઓ, જ્ઞાનસભર લેખો અને શાસન સમાચાર નિયમિત આવે છે. છતાંય 'બુદ્ધિપ્રભા'નું લવાજમ શું છે એ ખબર છે ?

: : લવાજમના દર : :

| | | | |
|---|---|---|---|
| પાંચ વરસના ગ્રાહકના | રૂા. ૧૧ : ૦૦ | બે વરસના ગ્રાહકના | રૂા. ૫ : ૦૦ |
| ત્રણ ,, ,, | રૂા. ૭ : ૦૦ | એક ,, ,, | **માત્ર અઢી રૂપિયા** |

—: વધુ વિગત માટે લખો :—

## બુદ્ધિપ્રભા કાર્યાલય

C/o શ્રી. જશવંતલાલ ગીરધરલાલ શાહ
૩૦૪/૮, ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,
અ મ દા વા દ.


આ માસિક માણેકલાલ હરજીવનદાસ શાહે "ગુજરાત ટાઇમ્સ" પ્રિન્ટીંગ પ્રેસ નડીઆદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુધ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી હિંમતલાલ છોટાલાલે ત્રણ દરવાજા ખંભાતમાંથી પ્રગટ કર્યું.